RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 132* Date: 02.03.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# નકલી પીએસઆઇ કૌભાંડ મુદ્દે વિપક્ષે ગૃહમાં હોબાળો

**■ કોંગ્રેસ અને આપના ધારાસભ્યો એક દિવસ માટે સસ્પેન્ડ, કોંગ્રેસે ગૃહમાં પોતાની જગ્યા પર બેનરો બતાવી દેખાવો કર્યા**

**■ કૌભાંડમાં સરકારમાં બેઠેલાની મિલિભગત છે.નૈતિક જવાબદારી સ્વીકારી તાત્કાલિક ગૃહરાજ્યપ્રધાને રાજીનામું આપી દેવુ જોઇએ.**



ગાંધીનગર,તા.૧

ગાંધીનગરની કરાઈ તાલીમ એકેડમીમાં નકલી પીએસઆઇ કૌભાંડ મુદ્દે વિપક્ષે ગૃહમાં હોબાળો થયો હતો. કોંગ્રેસે ગૃહમાં પોતાની જગ્યા પર બેનરો બતાવી દેખાવો કર્યા હતા. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કોંગ્રેસ અને આપના ધારાસભ્યોને પ્લેકાર્ડ લઈ લેવાની પાંચથી છ વાર ટકોર કરી હતી. જો કે તેમણે પ્લેકાર્ડ હટાવ્યા ન હતા અને હોબાળો કરવાનું ચાલુ રાખ્યુ હતુ. જે પછી મુખ્યમંત્રી દ્વારા પણ મધ્યસ્થી કરીને તેમને સમજાવવામાં આવ્યા હતા. તેમ છતા હોબાળો ન રોકાતા કોંગ્રેસ અને આપના ધારાસભ્યોને ગૃહમાંથી એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ ગૃહમાં નિવેદન આપ્યુ હતુ કે, આ કૌભાંડમાં સરકારમાં બેઠેલાની મિલિભગત છે. કોંગ્રેસ યુવાનોની નોકરીની ચર્ચાની વાત કરે તો સરકાર ભાગે છે. ત્યારે હવે નૈતિક જવાબદારી સ્વીકારી શરમ કરી તાત્કાલિક ગૃહરાજયપ્રધાને રાજીનામું આપી દેવુ જોઈએ. આ અંગે કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડા જણાવ્યું હતું કે રાજયમાં અત્યારસુધી પેપરલીક થાય છે, જેના માટે રાજ્ય સરકાર ગૃહમાં કાયદો લાવી. હવે એક મયૂર તડવી નામની વ્યક્તિ પરીક્ષા પાસ કર્યો વિના સીધી કરાઈ એકેડેમીમાં પીએસઆઈની તાલીમ મેળવી રહી છે. આ કેવી રીતે શક્ય બની શકે? આ બાબતે સરકારે ગૃહમાં ૧૧૬ હેઠળની નોટિસ આધારે તાકીદે ચર્ચા કરવી જોઈએ, જેથી ગુજરાતના યુવાનો જે ચિંતા કરી રહ્યા છે એનો જવાબ યુવાનોને મળી જાય.

કરાઇ એકેડેમી મામલો ગંભીર છે. વિધાનસભા બહાર હું તમામના જવાબ આપીશ એમ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ ગંભીર ગુનાની તપાસ કેટલાય દિવસથી ચાલે છે. આ ઘટના પાછળ મોટું રેકેટ છે. રાજ્યના ડીજીપી દ્વારા ગઈકાલે આ બાબતે પ્રેસ-કોન્ફરન્સ કરીને માહિતી આપવામાં આવી છે. જવાબ આપવા માટે અમે તૈયાર છીએ. આજે જવાબ જોઈએ તો મારા ધારાસભ્ય મારા કાર્યાલયમાં આવે. આ બાબતે બીજા રાજકીય રોટલા શેકવાનો પ્રયત્ન ન થવો જોઈએ એમ તેમણે જણાવ્યું હતું.

કરાઈ એકેડેમીમાં તાલીમ લઈ રહેલા નકલી પીએસઆઈ મયૂર તડવી મામલે આખરે ડભોડા પોલીસમાં ગુનો નોંધાયો છે, જ્યારે કેસની તપાસ ગાંધીનગર ક્રાઇમ બ્રાન્ચને સોંપાઈ છે. બીજી તરફ, સરકારે સ્વીકાર કર્યો કે ત્રણ મહિનાથી મયૂર તડવી તાલીમ લેતો હતો. અકાદમીમાં તાલીમ લઈ રહેલા ૫૮૨ તાલીમાર્થીના ફેબ્રુઆરીનાં પગાર બિલ બન્યાં ત્યારે મયૂર તડવીનું નામ પાસ થયેલા ઉમેદવારોના લિસ્ટમાં હતું જ નહીં. આ બાબત સ્પષ્ટ થતાં ચાર દિવસ પહેલાં જ ગુપ્ત તપાસ શરૂ કરાઈ હતી અને મયૂરની હિલચાલ પર પણ વોચ રખાઈ હતી. તેનો મોબાઇલ નંબર મેળવી તેણે છેલ્લા ૩ મહિના દરમિયાન કઈ કઈ વ્યક્તિ સાથે વાત કરી હતી અને કોઈ ગેંગ સાથે મળી અકાદમીમાં પ્રવેશ મેળવ્યો છે કે કેમ એ અંગે તપાસ કરાઈ રહી છે. સરકારે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે ૯ જાન્યુઆરીએ વડોદરા રેન્જના ૫ પીએસઆઈને જે નિમણૂક પત્ર અપાયા હતા એમાં મયૂરે વિશાલ રાઠવા નામના પાસ થયેલા ઉમેદવારનો ઓર્ડર મેળવ્યો હતો. આ પછી તે નિમણૂકપત્રમાં પાસ થયેલા અન્ય ઉમેદવાર વિશાલ રાઠવા નામને કોઈ એપ દ્વારા ડિલિટ કરી પોતાનું નામ ઉમેર્યું હતું અને બનાવટી નિમણૂકપત્ર બનાવી કરાઈ અકાદમીમાં પ્રવેશ મેળવ્યો હતો.એ યાદ રહે કે ૪૦ લાખ આપી કરાઈ અકાદમીમાં ઘૂસેલા તડવીનો ખુલાસો યુવા નેતા યુવરાજસિંહે કરતાં સરકાર દોડતી થઈ હતી. સરકારે જારી કરેલા ખુલાસામાં યુવરાજસિંહને માહિતી આપનાર કરાઈ ખાતેના કર્મચારી અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. સરકારનું કહેવું છે કે સરકારની છબિ ખરડાય એ હેતુથી રાજકીય ઈરાદે ગુપ્ત ઈક્વાયરીમાં અવરોધ ઊભો કરવા ગુપ્ત માહિતી યુવરાજસિંહને આપવામાં આવી હતી.

## ૫૧ દિવ્યાંગ નિર્ધન જોડયા હમસફર બન્યા

# ઉદયપુરમાં ગુજરાત સહિતના રાજયોમાંથી આવેલ કુલ ૫૧ જોડીઓ લગ્નગ્રંથી જોડાઇ

### નારાયણ સેવા સંસ્થા દ્વારા ૩૯માં નિઃશુલ્ક નિર્ધન અને દિવ્યાંગ સામૂહિક વિવાહ સમારોહ યોજાયો



ઉદયપુર,તા.૧

નારાયણ સેવા સંસ્થાન દ્વારા ૩૯માં નિશુલ્ક નિર્ધન અને દિવ્યાંગ સામૂહિક વિવાહ સમારોહ યોજાયો હતો આ વિવાહ સમારોહમાં ૫૧ જોડીઓએ પવિત્ર અગ્નિના ફેરા લઈ એક બીજાને જીવનભર સાથ નિભાવવાનો સંકલ્પ કર્યો હતો. આ સમારોહમાં મોટી સંખ્યામાં નાગરિકો,જોડીઓના સગા સંબંધીઓએ ભાગ લીધો હતો.

નારાયણ સેવા સંસ્થાન દ્વારા યોજાયેલા આ સમારોહમાં વરરાજા સજીધજી આવ્યા હતાં અને પરંપરાગત તોરણની વિધિમાં ભાગ લીધો હતો અને લગ્નગ્રંથીથી જોડાયા હતાં વિવાહ માટે મોટો મંડપ બનાવવામાં આવ્યો હતો જેમાં ભીલવાડાના પંડિત યોગેન્દ્ર આચાર્ય,શાસ્ત્રી ઉપેન્દ્ર ચૌબીસા અને વિકાસ ઉપાધ્યાયના નિર્દેશનમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ૫૧ જોડીઓ લગ્નગ્રંથીથી જોડાઇ હતી કન્યાઓ સમારોહના ભવ્ય મંચ પર ઢોલ નગારા વચ્ચે આવી પહોંચી હતી વરમાળાની વિવિધ પ્રજ્ઞાચક્ષુ કરોલીના કેસરી નંદન અને હાથથી દિવ્યાંગ ઝારખંડની ઉર્મિલા.લસાડિયાના પ્રક્ષાચક્ષુ પ્રેમચંદ મીણા અને ત્રણ વર્ષની ઉમરમાં બંન્ને પગથી પોલિયોની શિકાર સુરજા મીણા,મહેન્દ્રકુમાર અને કલાવતી આમલિયા(બંન્ને દિવ્યાંગ)ભરતપુરના સત્યેન્દ્ર અને ઝારખંડ સુનિતા બંન્ને દિવ્યાંગની સાથે નિર્દેશક વંદના અગ્રવાલ અને પલકના સાનિધ્યમાં શરૂ થઈ આ દરમિયાન લગ્ન મંડપમાં ખુબ તાળીઓ વાગી હતી વરમાળાની વિધિ બાદ દુલ્હન દુલ્હા ભવ્ય વિવાહ મંડપ પર પહોંચ્યા આ દરમિયાન કોઇ વ્હીલચેયર પર તો કોઇ લાકડીના ટેકે અને કેલિપર્સના સહારે પોતાની નિર્ધારિત વેદી પર પહોંચ્યા હતાં જયાં તેમણે પરિવારજનો અને ધર્મ માતા પિતાના સાનિધ્યામાં પવિત્ર અગ્નિના ફેરા લીધા હતાં.સમારોહમાં વિશિષ્ટ અતિથિ તરીકે ઉર્મિલા કુમારી લંડન,ડો પ્રેમરાની સિંગલ અને વીના શર્મા યુએસએ,કે કે ગુપ્તા ડુંગરપુર અને કુસુમ ગોયલ મથુરા હાજર રહ્યાં હતાં.

સંસ્થાન સંસ્થાપક પદ્મશ્રી કૈશાલ માનવે આ પ્રસંગે કન્યાદાનના આ અનુષ્ઠાનમાં સાથીઓ અને નવયુગલોને આર્શીવાદ આપતા કહ્યું કે દેવ દુર્લભ માનવ જીવન આપણને ભાગવતકૃપાથી જે પણ ઉપલબ્ધ છે તેનો ઉપયોગ સમાજના પીડિત અને વંચિત વર્ગ માટે કરી જીવનને સાર્થક કરવામાં આવે સંસ્થાનના અધ્યક્ષ પ્રશાંત અગ્રવાલે અતિથિઓ અને વર વધુઓનું સ્વાગત કરતા કહ્યું કે ગત ૨૧ વર્ષથી સંસ્થાન ૨૨૦૦ નિર્ધન અને દિવ્યાંગ જોડીના સુખદ ગૃહસ્થી વસાવવામાં સહાયક બની છે.

તેમણે કહ્યું કે આ વિવાહમાં જે જોડીઓ લગ્નગ્રંથીથી જોડાઇ છે તેમાં રાજસ્થાન,બિહાર,ઝારખંડ ઉત્તરપ્રદેશ મધ્યપ્રદેશ અને ગુજરાતથી આવેલી જોડીઓ છે. નવદંપતિઓને ઘર વકરી જેવી કે ગેસનો ચુલો,પલંગ,કબાટ વાસણો પંખા સિલાઇ મશીન પાણીની ટાંકી વગેરે આપવામાં આવી હતી જયારે દરેક દુલ્હનોને મંગલસુત્ર,કર્ણફૂલ,પાયલ અને દુલ્હાને વીટી કપડા ઘડિયાળ વગેરેની ભેટ આપવામાં આવી હતી.

તેમણે કહ્યુયં કે આ વખતે સામૂહિક વિવાહનું ધ્યેય જળ જ જીવન અનુસાર નવયુગલોની લગ્નવિધિ પુરી થયા બાદ તમામ નવ દંપતિઓને પાણી બચાવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સગા સંબંધિઓએ કન્યા વિદાય આપી હતી આ પ્રસંગે તમામની આંખો નમ થઇ ગઇ હતી.

# યૌન શોષણ કેસમાં બ્રિજભૂષણ શરણ સિંહ સમિતિ સમક્ષ હાજર થયા,૩ કલાક સુધી સ્પષ્ટતા આપી

નવીદિલ્હી,તા.૧

જાન્યુઆરી મહિનામાં વિનેશ ફોગટ, બજરંગ પુનિયા, સાક્ષી મલિક જેવા ભારતના દિગ્ગજ ખેલાડીઓએ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ પર મહિલા ખેલાડીઓનું યૌન શોષણ કરવાનો આરોપ લગાવ્યો હતો. આ મામલે રમતગમત મંત્રાલયમાં એક સમિતિની રચના કરવામાં આવી હતી.ભૂષણ આ સમિતિ સમક્ષ હાજર થયો હતો. ભૂષણે તેમની સ્પષ્ટતા સમિતિની સામે રાખી અને તેમણે તેમના પર લાગેલા તમામ આરોપોને સદંતર ફગાવી દીધા.

આ સમિતિ બ્રિજ ભૂષણ પર લાગેલા જાતીય સતામણીના આરોપોની તપાસ કરી રહી છે. બોક્સર એમસી મેરી કોમની આગેવાની હેઠળની સમિતિની રચના ૨૩ જાન્યુઆરીએ કરવામાં આવી હતી. દેશના ટોચના કુસ્તીબાજોએ ડબ્લ્યુએફઆઈ ચીફ બ્રિજ ભૂષણ પર અનેક મહિલા ખેલાડીઓનું જાતીય સતામણી કરવાનો, ખેલાડીઓને ધમકાવવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.સુનાવણી માટે બ્રિજ ભૂષણ તેમના ૨૦ સમર્થકો સાથે પહોંચ્યા હતા. લગભગ ત્રણ કલાક સુધી સુનાવણી ચાલી હતી. રમતગમત મંત્રાલયના સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું કે, બ્રિજ ભૂષણ આજે સમિતિ સમક્ષ હાજર થયા હતા. તેણે તમામ આરોપોને સદંતર ફગાવી દીધા હતા. તેણે કહ્યું કે તેણે ક્યારેય કંઈ ખોટું કર્યું નથી.જોકે, બ્રિજ ભૂષણે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા હેડક્વાર્ટરની બહાર રાહ જોઈ રહેલા મીડિયાને મળવાનું ટાળ્યું હતું. તેમણે કહ્યું કે તપાસ હજુ ચાલી રહી છે અને આ સમયે તેઓ કોઈ ટિપ્પણી કરવા માંગતા નથી.

વિનેશ ફોગાટ, બજરંગ પુનિયા, સાક્ષી મલિક અને રવિ દહિયા સહિતના દેશના ટોચના કુસ્તીબાજોએ તેમની વિરુદ્ધ આરોપો લગાવ્યા છે. કુસ્તીબાજો સમિતિ સમક્ષ હાજર થયા હતા.જાન્યુઆરીમાં, દેશના ટોચના કુસ્તીબાજોએ જંતર-મંતર પર ત્રણ દિવસના ધરણા કર્યા હતા, જેમાં બ્રિજ ભૂષણને બરતરફ કરવાની અને ડબ્લ્યુએફઆઈના વિસર્જનની માંગણી કરવામાં આવી હતી. આ પછી બીજેપી સાંસદ બ્રિજ ભૂષણને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી ડબ્લ્યુએફઆઈનું કામ ન જોવાનું કહેવામાં આવ્યું.

મેરી કોમની આગેવાની હેઠળની સમિતિમાં ભૂતપૂર્વ કુસ્તીબાજ યોગેશ્વર દત્ત, ભૂતપૂર્વ બેડમિન્ટન ખેલાડી તૃપ્તિ મુરગુંડે, ટીઓપીએસ સભ્ય રાધિકા શ્રીમાન, લક્ષ્ય ઓલિમ્પિક પોડિયમ સ્કીમના ભૂતપૂર્વ સીઈઓ રાજેશ રાજગોપાલન અને કોમનવેલ્થ ગેમ્સની સુવર્ણ ચંદ્રક વિજેતા બબીતા ફોગાટનો સમાવેશ થાય.

# હોળી પહેલા ફૂટ્યો મોંઘવારીનો બોમ્બ, એલપીજી સિલિન્ડરના ભાવમાં તોતિંગ વધારો

નવીદિલ્હી,તા.૧

માર્ચના પહેલા દિવસે જ મોંઘવારનો મોટો માર પડ્યો છે. મહિનાના પહેલા જ દિવસે ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવ ૫૦ રૂપિયા વધી ગયા છે. હવે દિલ્હીમાં ઘરેલુ એલજીપી સિલિન્ડર ૧૧૦૩ રૂપિયા થયો છે. હોળી પહેલા આ મોટો ઝટકો ગણવામાં આવી રહ્યો છે. સુત્રોના જણાવ્યાં મુજબ ૧૪.૨ કિલોગ્રામવાળા ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયા વધારો થયો છે. જયારે ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૩૫૦.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં ૧૯ કિલોગ્રામવાળો કોમર્શિયલ સિલિન્ડર હવે ૨૧૧૯.૫૦ રૂપિયાનો મળશે. જયારે ઘરેલુ એલપીજી સિલિન્ડર ૧૧૦૩ રૂપિયાનો થયો છે. વધેલા ભાવ આજથી જ લાગૂ થયા છે. ઘરેલુ સિલિન્ડરમાં ૫૦ રૂપિયાનો ભાવ વધારો થવાથી હવે દિલ્હીમાં ૧૦૫૩નો બાટલો ૧૧૦૩ રૂપિયામાં મળશે જયારે મુંબઈમાં ૧૧૦૨.૫, કોલકાતામાં ૧૧૨૯, ચેન્નાઈમાં ૧૧૧૮.૫ રૂપિયામાં મળશે.

જયારે કોમર્શિયલ સિલિન્ડરની વાત કરીએ તો દિલ્હીમાં ૨૧૧૯.૫ રૂપિયામાં, મુંબઈમાં ૨૦૭૧.૫ રૂપિયામાં, કોલકાતામાં ૨૨૨૧.૫, અને ચેન્નાઈમાં ૨૨૬૮ રૂપિયામાં બાટલો મળશે.

અત્રે જણાવવાનું કે છેલ્લા કેટલાક મહિનાથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો. પરંતુ ત્યારબાદ ઓઈલ કંપનીઓએ ૧૯ કિલોવાળા કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં જબરદસ્ત વધારો કરી નાખ્યો. આ વખતે ૩૫૦.૫૦ રૂપિયાનો વધારો થયો. આ વધારા સાથે હવે ગેસ સિલિન્ડરનો ભાવ ૨૧૧૯.૫૦ રૂપિયા પહોંચ્યો છે. દિલ્હીમાં આ જ સિલિન્ડર પહેલા ૧૭૬૯ રૂપિયામાં મળતો હતો. એક જાન્યુઆરીએ બાટલામાં ૨૫ રૂપિયાનો વધારો થયો હતો.

# પહેલા અંકિતા,ત્યારબાદ કેદાર અને હવે યોગા ટ્રેનર ઈશાન અવસ્થી ગુમ

ઋષિકેશ,તા.૧

હરિદ્વારમાં હવે ઈશાન અવસ્થી મામલો ચર્ચામાં છે.૨૨ વર્ષની ઈશાન અવસ્થી લખનૌથી ઋષિકેશ આવી યોગ પ્રશિક્ષિક તરીકે કામ કરી રહ્યો હતો.૧૯ ફેબ્રુઆરીએ ઈશાન અચાનક ગુમ થઇ ગયો.ઈશાનના પિતા મહાવીર અવસ્થીનું કહેવુ છે કે તેમને બતાવવામાં આવ્યું હતું કે તેમનો બેટા ઈશાન ગંગામાં ડુબી ગયો છે.૧૯ ફેબ્રુઆરીથી લઇ આજ સુધી ઈશાનનું શબ મળ્યું નથી

ઈશાન યોગ વિદ્યા મંદિરમાં યોગ પ્રશિક્ષક હતો ઈશાનના પિતાને યોગ વિદ્યા મંદિરના પ્રબંધક મોનુ શર્મા પર ગંભીર આરોપ લગાવ્યો છે.

ઈશાનના પિતાએ પોલીસને લેખિતમાં આપ્યું છે કે યોગ વિદ્યા મંદિરના પ્રબંધક મોનુ શર્માથી જયારે તેમણે પોતાના પુત્રની બાબતમાં પુછ્યું તો મોનુ શર્માએ તેમની સાથે અભદ્રતા કરી.તેમનો આરોપ છે કે મોનુ શર્માએ કાવતરા હેઠળ તેમના પુત્રને મરાવી દીધો છે.

મહત્વપૂર્ણ વાત એ છે કે પોલીસે આ સંબંધમાં કોઇ પણ કેસ દાખલ કર્યો નથી ઈશાના પિતા મહાવીરનું કહેવુ છે કે તે આ સંબંધમાં એસએસપીથી પણ મળ્યા પરંતુ તેમણે પણ ફકત તપાસનું જ આશ્વાસન આપ્યું હતું. આટલા દિવસો વિતી ગયા છે અને ઈશાનનું શબ કબજે થયું નથી પિતાને કોઇ મોટી અપ્રિય ઘટનાનો ભય સતાવી રહ્યો છે.

એ યાદ રહે કે શાંત કહેવાતા ઋષિકેશમાં ગત વર્ષ સપ્ટેમ્બરમાં અંકિત ભંડારીની હત્યા થઇ હતી ત્યારબાદ કેદાર ભંડારીના મામલાએ જોર પકડયું હતું અને હવે ઈશાન અવસ્થીનો મામલો ચર્ચામાં આવ્યો છે.

# રાજસ્થાન શ્રીગંગાનગરમાં એક લીટર પેટ્રોલ ૧૧૩.૪૯ રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે

નવીદિલ્હી,તા.૧

દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ માર્ચ મહિનાની પહેલી તારીખે પેટ્રોલ અને ડીઝલના ભાવ અપડેટ કર્યા છે. માર્ચ મહિનાની શરૂઆતમાં પણ લોકોને ઉંચા ભાવથી કોઈ રાહત દેખાતી નથી. આજે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ સમાન છે. દેશમાં ૨૨ મેથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ સમયગાળામાં ન તેલ મોંઘુ થયું છે કે સસ્તા ઈંધણનો લાભ મળ્યો છે. ૧ માર્ચે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. આજે મુંબઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નઈ સહિત વિવિધ મોટા શહેરો અને ગુજરાતમાં તેલની કિંમતમાં બદલાવ થયો નથી.

જો વૈશ્વિક બજારમાં જોવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકમાં કાચા તેલની કિંમતોમાં લગભગ ૨ ડોલરનો ઉછાળો આવ્યો છે. આમ છતાં આજે પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

કાચા તેલની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં તેની કિંમતોમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત લગભગ દોઢ ડોલર વધીને ૮૩.૮૯ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે. ડબ્લ્યુટીઆઈનો દર પણ વધીને ઈ૭૬.૫૯ પ્રતિ બેરલ થઈ ગયો છે.

દેશના ચાર મહાનગરોમાં પેટ્રોલ ડીઝલની કિંમત

દિલ્હીમાં પેટ્રોલ રૂ. ૯૬.૭૨ અને ડીઝલ રૂ. ૮૯.૬૨ પ્રતિ લીટર

મુંબઈમાં પેટ્રોલ રૂ. ૧૦૬.૩૫ અને ડીઝલ રૂ. ૯૪.૨૮ પ્રતિ લીટર

ચેન્નાઈ પેટ્રોલ રૂ. ૧૦૨.૬૩ અને ડીઝલ રૂ. ૯૪.૨૪ પ્રતિ લીટર

કોલકાતા પેટ્રોલ રૂ. ૧૦૬.૦૩ અને ડીઝલ રૂ. ૯૨.૭૬ પ્રતિ લીટર

ગુજરાતમાં ગાંધીનગરમાં એક લીટર પેટ્રોલ ૯૬.૬૩ રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે જયારે ડીઝલની કિંમત ૯૨.૩૮ રૂપિયા પ્રતિ લીટર છે. રાજસ્થાન શ્રીગંગાનગરમાં એક લીટર પેટ્રોલ ૧૧૩.૪૯ રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે જયારે ડીઝલની કિંમત ૯૮.૨૪ રૂપિયા પ્રતિ લીટર છે.

## તંત્રી સ્થાનેથી...

# ‘આપ’નું સંકટ

*દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની આબકારી કૌભાંડમાં થયેલી ધરપકડે રાજધાનીમાં સત્તારૂઢ આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ વધારી દીધી છે, જેમાંથી વહેલી તકે બહાર આવવું તેના માટે આસાન નહીં હોય. દિલ્હીની એક અદાલતે તેમને પાંચ દિવસના રિમાન્ડ પર મોકલી દીધા છે, જેનાથી આ કેસની ગંભીરતા સમજી શકાય છે. સિસોદિયાની ધરપકડ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ માટે એટલા માટે પણ એટલો મોટો ઝાટકો છે, કારણ કે દિલ્હીના એક અન્ય મંત્રી સત્યેન્દ્ર જૈન પહેલેથી જ મની લોન્ડરિંગના આરોપમાં જેલમાં કેદ છે. નિઃસંદેહ ભ્રષ્ટાચારના આ આરોપનો અંતિમ ફેંસલો તો અદાલતોએ જ કરવાનો છે, પરંતુ જે સવાલ ઊઠ્યા છે અને ઊઠી રહ્યા છે, તે શંકા પેદા કરે છે. વાસ્તવિકતા એ જ છે કે મુખ્ય સચિવના રિપોર્ટના આધાર પર દિલ્હીના ઉપરાજ્યપાલ દ્વારા દિલ્હીની આબકારી નીતિની સીબીઆઈ તપાસની ભલામણ કર્યા બાદ જ આબકારી મંત્રી સિસોદિયાએ આ નીતિને પાછી ખેંચવાની જાહેરાત કરી. દિલ્હી સરકારે ૨૦૨૧માં શરાબ વેચાણ નીતિ બદલી નાખી હતી અને ખુદને શરાબના વેચાણથી અલગ કરીને તેને ખાનગી દુકાનોને સોંપી દીધી હતી. એના માટે એમ કહેવાયું હતું કે આ બદલાવથી શરાબના કાળાબજાર અટકશે અને રાજસ્વમાં વધારો થશે. પરંતુ જે રીતે કથિત રૂપે ચુનંદા શરાબ વ્યાપારીઓને જ લાભ પહોંચાડવા માટે રાહતો આપવામાં આવી, તેનાથી નવી શરાબ નીતિને જ કઠેરામાં ઊભી કરી દેવામાં આવી.*

*દિલ્હીની આપ સરકારની આ નીતિના તાર તેલંગણા સુધી ફેલાયેલા છે, જ્યાં મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવની પુત્રી અને સાંસદ કવિતાની ઈડી દ્વારા પૂછપરછ કરાઈ ચૂકી છે. દેખીતું છે કે આ સમગ્ર કિસ્સાનું એક રાજકીય પાસું પણ છે અને એવું લાગે છે કે આપ પાર્ટી આ ઘટનાક્રમને ભાજપ વિરુદ્ધ એક આંદોલનનું રૂપ આપવા માંગે છે. આમ આદમી પાર્ટી જે રીતે સિસોદિયા સાથે ઊભી છે, તે તેની રણનીતિ જ દર્શાવે છે. કેજરીવાલની કાર્યશૈલીથી અંદાજો લગાવી શકાય છે કે તેઓ સત્યેન્દ્ર જૈનની જેમ જ સિસોદિયાને પણ મંત્રી બનાવી રાખશે, પરંતુ આ એટલું આસાન નહીં રહે. કારણ કે સરકારના ૩૩માંથી ૧૮ વિભાગ નાયબ મુખ્યમંત્રી સિસોદિયા પાસે જ હતા. વળી હજુ દિલ્હી સરકારનું બજેટ પણ રજૂ કરવાનું છે. એ મુશ્કેલી જ છે કે લગભગ અગિયાર વર્ષ પહેલાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ આંદોલનમાંથી જન્મ લેનારી આમ આદમી પાર્ટી ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાઈ ગઈ છે, તેના નેતાઓને અહેસાસ હશે કે આ લડાઈ તેણે અંતે તો અદાલતોમાં જ લડવી પડશે.*

# અમેરિકાની વિનાશક નીતિથી દુનિયા આપત્તિના આરે છે : રશિયાના વિદેશ મંત્રી



નવીદિલ્હી,તા.૧

જી-૨૦ દેશોના વિદેશ મંત્રીઓની બે દિવસીય બેઠકમાં ભાગ લેવા માટે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવ મંગળવારે રાત્રે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી પહોંચ્યા હતા. તેઓ વિદેશ મંત્રી એસ જયશંકર સાથે દ્વિપક્ષીય બેઠક યોજે તેવી શક્યતા છે અને આ દરમિયાન બંને પક્ષો દ્વારા દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા થવાની અપેક્ષા છે.

રશિયન વિદેશ મંત્રાલયે કહ્યું કે અમે એકીકૃત એજન્ડાને પ્રોત્સાહન આપવા માટે ભારતના જી૨૦ પ્રમુખપદની પ્રતિબદ્ધતાને સમર્થન આપીએ છીએ જે બહુપક્ષીય મુત્સદ્દીગીરીમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરશે અને વૈશ્વિક અર્થવ્યવસ્થાના વિભાજનને અટકાવશે. તેમણે કહ્યું કે યુએસ અને તેના સહયોગીઓની વિનાશક નીતિએ વિશ્વને આપત્તિના આરે લાવી દીધું છે, સામાજિક-આર્થિક વિકાસને પાછળ ધકેલી દીધો છે અને સૌથી ગરીબ દેશોની સ્થિતિ ગંભીર રીતે ખરાબ કરી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આખું વિશ્વ ગેરકાયદેસર પ્રતિબંધો, ક્રોસ બોર્ડર સપ્લાય ચેઈનના કૃત્રિમ ભંગાણ, કુખ્યાત ભાવ કેપિંગ અને કુદરતી સંસાધનોની વાસ્તવિક ચોરીના પ્રયાસોથી પીડાય છે. રશિયા અને ભારતના વિદેશ મંત્રાલયોના વડા, સર્ગેઈ લવરોવ અને ડૉ. એસ. જયશંકર, મુખ્ય ક્ષેત્રોમાં સહકારને આગળ વધારવાના માર્ગો પર ચર્ચા કરશે. આ સાથે, યુક્રેનમાં સ્થાનિક આંતરરાષ્ટ્રીય મુદ્દાઓની સ્થિતિ, અફઘાનિસ્તાનની સ્થિતિ, એશિયા-પેસિફિક ક્ષેત્રમાં સુરક્ષા આર્કિટેક્ચરના નિર્માણ પરના મૂલ્યાંકન પર પણ ચર્ચા કરવામાં આવશે.અમેરિકાના વિદેશ સચિવ એન્ટોની બ્લિંકન, ફ્રાન્સના કેથરિન કોલોના, ચીનના વિદેશ મંત્રી કિન ગેંગ, જર્મનીના અન્નાલેના બિઅરબોક અને બ્રિટિશ વિદેશ સચિવ જેમ્સ ક્લેવરલી પણ ભારત દ્વારા યોજાનારી બેઠકમાં ભાગ લેવાના છે.

યુરોપિયન યુનિયનના વિદેશ બાબતોના ઉચ્ચ પ્રતિનિધિ જોસેપ બોરેલ ફોન્ટેલેસ, ઈટાલીના વિદેશ મંત્રી એન્ટોનિયો ત્ઝાન, ઓસ્ટ્રેલિયાના પેની વોંગ, સાઉદીના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન, ઈન્ડોનેશિયાના રેત્નો માર્સુદી અને આર્જેન્ટિનાના વિદેશ મંત્રી સેન્ટિયાગો કેફિરો આ બેઠકમાં ભાગ લેનારાઓમાં સામેલ છે.

રોજ લોકલ ટ્રેનની ભીડ સહેવી પડતી નથી ફૂલોએ,
રોજ સમયસર નોકરીએ જવું પડતું નથી ફૂલોએ.
હીટલર જેવા બોસને ઝેલવો પડતો નથી ફૂલોએ,
ઘરવાળીની ફરમાઈશ પૂરી કરવી પડતી નથી ફૂલોએ.
મન મારીને કમને ધરાર જીવવું પડતું નથી ફૂલોએ,
રોજ રોજ હપતે હપતે મરવું પડતું નથી ફૂલોએ.
કોઈની બેવફાઈના ઘાવ ઝીલવા પડતા નથી ફૂલોએ,
કોઈના પ્રેમના ઈજહારને ઠુકરાવવા પડતા નથી ફૂલોએ.
તીતલીઓ સાથે ફલર્ટીંગ કરવા મળતું નથી માણસને,
તીતલીઓ સાથે લીવઈન રીલેશનશીપ મળતી નથી માણસને.
ભરત વૈષ્ણવ

# પત્રકારની નોકરી છોડી હાલારી ગધેડીનું દૂધ વેચવા રાજુ રદીની સલાહ !!

બખડજંતર ચેનલમાંથી આદેશ છૂટ્યો કે રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતેના કોલકી ખાતે જઇને એકસકલુઝિવ રીપોર્ટિંગ કરી લાવો.નોકરી એટલે નોકરી. દો ટકિયોકી નોકરીમેં લાખો કા સાવન જાયે મતલબની ફરિયાદ એક હીરોઇને ગીત મારફત કરી છે. ?કોઇ સુનવાઇ થઇ નથી કે એફઆઈઆર ફાટી નથી કે જાણવાજોગ પણ નોંધાઇ નથી.વડી અદાલતમાં સાવનને જીવતો કે મરેલો હાજર કરવા હેબિયર્સ કોપર્સ થયેલ નથી.!!!

હું એટલે ગિરધર ગરબડીયા અને કેમેરામેન રાજુ રદી સાથે કોલકી પહોંચ્યા.કોઇ લગ્નની વાડીનાં મંડપ બાંધેલો હતો.( મંડપ ભાગી જતો હશે કે તેને બાંધવો પડે. સાંકળ ક્યાંય દેખાતી ન હતી.) મંડપની છેક ઉપર “ વૈશાખીનંદન પરિવાર આવકારે છે એવું લખેલું કલોથબેનર હતું તેની બંને બાજુ નજર કરી કે આંખો ફાટી ગઇ. ગદર્ભ ખાનદાનનો ફોટો હતો!!!

પ્રવેશદ્વારે બે કુમળા ખોલકા ગુલાબી સાફો અને સુટ પહેરી બે પગ જોડી સ્વાગતની મુદ્રામાં હોંચી હોંચી કરીને વેલકમ કરતા હતા. એકશન રીએકશન ફોર્મુલા મુજબ અમે હોંચી હોંચી કહી અભિવાદનનો સ્વીકાર કર્યો!!

અમને સમારંભ સ્થળે એક ગ્લાસ પકડાવી દેવાયો. અમે ગ્લાસ મોંઢે માંડ્યો. દૂધ જેવું ઘટ પ્રવાહી હતું. થોડુંક બેસ્વાદ હતું આયોજનો કહ્યું ,” કેવું લાગ્યું?”

“ કંઈક ડિફરન્ટ લાગ્યું.” અમારો પ્રતિભાવ.

“ હાલારી પ્રજાતિની ગદર્ભીનું દૂધ હતું”તેમણે કહ્યું.

“ શું ?શું ??” એમ કરતા મોંમાંથી દૂધનો ફુવારો છૂટ્યો.

આની કિંમત શું માનો છો?” આયોજનો પૂછયું.

“ દૂધ પચાસ- સાંઠ રૂપિયે લિટર વહેંચાય છે. આની કિંમત વધુમાં વધુ સો રૂપરડી હશે!” અમે જવાબ આપ્યો.

“ પત્રકાર મહાશય કંઇ દુનિયામાં વસો છો?? જામનગરના હાલાર પંથકમાં પહેલીવાર હાલારી ગધેડીનુ એક લિટર દૂધ રૂા.૭ હજારની કિંમતે વેચાયુ છે. ગધેડીનુ દૂધ આટલી ઉંચી કિમતે વેચાયુ હોય તેવી ગુજરાતની આ પ્રથમ ઘટના બની છે. હાલમાં ગ્લોબલ માર્કેટમાં રૂ. ૭૦૦૦-૮૦૦૦ કિલોના ભાવે પાઉડર મળે છે. “આયોજકે જવાબ આપ્યો.

“ તેનું કારણ શું?” અમે પૂછયું.

“હાલારી ગધેડીના દૂધમાં માતા (સ્ત્રી)ના દૂધમાં જે પોષક તત્ત્વો છે એવા જ હોય છે.

બકરી, ઊંટડી, ભેંસના દૂધ કરતાં પણ એની ગુણવત્તા વધુ સારી છે. એમાં ફેટનું પ્રમાણ નહિવત છે.વધતી ઉંમરની નકારાત્મક અસરો રોકતાં એન્ટી-ઓક્સિડન્ટની માત્રા ગધેડીના દૂધમાં વધારે છે, જે અનેક રોગો સામે રક્ષણ આપવા માટે સક્ષમ છે. શરીરના ઘસારા સંબંધિત રોગોમાં પણ એ ઘણું ફાયદાકારક છે.બાળકોની પાચનશક્તિ સુધારવા માટે આ દૂધ ઘણું લાભકારી સાબિત થઇ શકે છે.

ચામડીને મુલાયમ બનાવે છે અને સ્કિનની બીમારીઓથી બચાવે છે રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. શરીરના ઘસારા સંબંધિત રોગોમાં પણ એ ઘણું ફાયદાકારક છે બાળકોની પાચનશક્તિ સુધારવા માટે આ દૂધ ઘણું લાભકારી સાબિત થઇ શકે છે.ચામડીને મુલાયમ બનાવે છે અને સ્કિનની બીમારીઓથી બચાવે છે .રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે.જોકે ગધેડી એક-બે લીટર જ દૂધ આપે છે. બાળકને એક ચમચી દૂધ પીવડાવવા ૫૦-સો રૂપિયા ખર્ચવા પડે છે.”આયોજકે કહ્યું.

“ આની વસ્તી કેટલી છે?” રાજુએ પરિજનોની વસ્તી જાણવા સવાલ પૂછ્યો.“હાલારી ગધેડા ભારતમાં હયાત પ્રજાતિઓમાં બીજા નંબરની સૌથી શ્રેષ્ઠ છેઅત્યારે માત્ર ૧૫૭૨ જેટલાં પશુઓ જ છે. દ્વારકા અને જામનગર જિલ્લામાં સૌથી વધુ સંખ્યામાં આ ગધેડા છે, કેમ કે તેનું મૂળ બ્રીડ ત્યાંનું છે. હાલારી ગધેડાની વસતિમાં ઘટાડો થઇ રહ્યો છે,જે નામશેષ થવાના આરે છે.” આયોજકે જવાબ આપ્યો.

“ આ ગધેડાની કિંમત કેટલી છે?”અમે પૂછયું.

“સૌરાષ્ટ્રમાં રબારી કે માલધારી કોમ્યુનિટી હાલારી ગધેડાનો ઉછેર કરે છે. માલની હેરફેર કરવા તેમજ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે એનો ઉપયોગ થાય છે. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામમાં ગધેડાની લે-વેચ માટે દર વર્ષે મેળો ભરાય છે. તેમાં દેશભરના વિવિધ પ્રજાતિના ગધેડાનું ખરીદ-વેચાણ થાય છે. આ મેળામાં સૌથી ઊંચી બોલી હાલારી ગધેડાની હોય છે, જે રૂ.૨૫,૦૦૦- ૩૦,૦૦૦ના ભાવે વેચાય છે.” આયોજકે કહ્યું.

મનુષ્ય પરિવારમાં આવનારા નવા બાળકને વધાવવા ગર્ભ ધારણ કરનારી ભાવિ માતાનું ગર્ભસીમંત સંસ્કાર (ગોદ ભરાઈ ની પવિત્ર વિધિ કરે છે પરંતુ શું કદી સાંભળ્યું છે કે ગધેડીની ગોદભરાઈ (સીમંત) પણ કરવામાં આવી હોય. પરિવારમાં આંગતુક બાળકને સત્કારવા ગર્ભવતી બહેનની ગોદભરાઈ સંસ્કાર કરવામાં આવે તે રીતે હાલારી ગધેડાને બચાવવા માટે ગર્ભવતી હાલારી ગધેડીની ગોદભરાઈ ગર્ભ સીમંત સંસ્કારની વિધિ રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે કરાઇ હતી. ગર્ભવતી ગધેડીની ગોદભરાઈ વિધિ કરવામાં આવી હોય તેવી ભારત દેશની કદાચ આ સૌપ્રથમ ઘટના બની હતી. બહેનોએ ગર્ભવતી ગધેડીને શણગાર કરી, પૂજાવિધિ કરી, વિધિવત રીતે પોંખી ને ગોદભરાઈ વિધિ કરી હતી. અને ૩૩ ગધેડીને ખાણ-દાણ સહિત પોષક તત્વોયુક્ત આહાર સાથેની કિટ અપાઇ હતી.

તમામ સગર્ભા વૈશાખીનંદન વનિતાઓ ખરેખર પરી જેવી લાગતી હતી. દયારામે કહ્યું હતું કે પ્રેમમાં ગધેડી પણ પરી લાગે છે!!!!બધી ગર્ભવતીઓને સો સો રૂપિયા આપી વિદાય લીધી.

“ ગિરધરભાઇ.તમને બખડજંતર ચેનલવાળા તમને શું પગાર આપે છે?” રાજુ રદીએ પૂછયું.“ મહીને વીસ હજાર રૂપિયા.”મેં જવાબ આપ્યો.

“લો. ત્રીસ વરસથી નોકરો કૂટો છો. નોકરી છોડીને પાંચ હાલારી ગધેડી લઇ લો. તમામ ગધેડી પાંચ લિટર દૂધ આપશે.રોજના પાંત્રીસ હજાર લેખે મહીને સાડા દસ લાખ અને વરસે કરોડ કરતાં વધુ કમાણી થશે!!”

હું રાજુ સામે મોં લબડાવી ઉભો રહ્યો!!”

ભરત વૈષ્ણવ
૨.૩.૨૦૨૨.# હાસ્ય

# સંતોષ એજ સુખનું મૂળ છે

‘સર્પા પિબન્તી પવનં ન ચ દુર્બલાસ્તે,
શુષ્કૈ તૃણૈ વનગજા બલિનો ભવન્તું.
કંદૈ ફલૈ મુનિવરાઃ ક્ષપયન્તિ કાલં,
સંતોષ એવ પુરૂષસ્ય પરં નિધાનમ્’

ઉપરોક્ત સંસ્કૃત સુભાષિતમાં સંતોષનું મહત્વ બતાવવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે, દુનિયામાં દેવા જેવું કોઈ દુઃખ નથી અને સંતોષ જેવું કોઈ સુખ નથી. અને એટલેજ આપણી ગુજરાતી ભાષામાં કહેવત પડી છે કે’ સંતોષી નર સદા સુખી’.મતલબ કે જે વ્યક્તિ સંતોષમાં માને છે, એ વ્યક્તિ કદીપણ દુઃખી થતો નથી.

ઉપરોક્ત સંસ્કૃત સુભાષિત જો આપણે વ્યવસ્થિત રીતે સમજીએ તો આપણને સંતોષ અંગેની ઝાઝી માહિતી મળશે. ઘણી વખત જંગલમાં વરસાદની મૌસમમાં સાપને કોઈ ખોરાક મળી શકતો નથી, પરંતુ તે પવન એટલે કે હવા શ્વાસમાં લઈને દિવસો સુધી ભુખ્યાં રહી શકે છે અને ખોરાક નહીં લેવાને કારણે દુબળા (શક્તિહીન) બનતાં નથી. જંગલમાં વસતાં મહાકાય હાથીઓ પાંદડાં અને સૂકું ઘાસ ખાઈને જીવન વિતાવે છે, છતાંય બળવાન બને છે અને કમજોર બનતાં નથી. આ ઉપરાંત વનમાં આરાધના કરતાં ઋષિ મુનિઓ, માત્ર કંદમૂળ અને ફળો ખાઈને સમય પસાર કરે છે અને પ્રભુમય બને છે. આ બધાં જ વ્યક્તિઓ પરમ સુખી છે કારણકે તેઓ સંતોષને જ પરમ સુખ માને છે.

સંતોષમાં રહેનાર વ્યક્તિ ક્યારેય દુઃખી થતો નથી. કારણકે આવા લોકો જે મળ્યું છે એને પોતાનું ભાગ્ય સમજે છે અને એટલેજ ફિલ્મ જગતનાં બહું જાણીતા શાયર શ્રી સાહિર લુધિયાનવી એ દેવાનંદ અભિનિત ફિલ્મ હમદોનોમાં એક પંક્તિ લખી છે કે ‘ જો મિલ ગયા ઉસી કો મુકદ્દર સમજ લીયા, જો ખો ગયા મેં ઉસ કો ભુલાતા ચલા ગયા’ અહીં પણ કવિનો ગૂઢાર્થ સંતોષ તરફ જ છે કે, મને જે કાંઈ મળ્યું છે એને હું મારૂં ભાગ્ય (મુકદ્દર) સમજું છું અને જે હાથથી જતું રહ્યું છે એને હું ભુલી જાઉં છું, મતલબ કે એનો ગમ કરતો નથી. કિશોરકુમારે પણ પોતાના એક કોમેડી ગીતમાં સંતોષનો મહત્વ બતાવેલ છે ‘રજધન, ગજધન, રાજધન, અનાજધન, લાલ રતન ધન ખાન રે, આયો રે જબ સંતોષ ધન બાબા, સબ ધન ધૂલ સમાન રે’ મતલબ કે સંતોષ એ એક એવું ધન છે કે એની આગળ તમામ ધન વામણાં અને ધૂળ સમાન સાબિત થાય છે. ગુજરાતી સાહિત્યના મશહૂર ગઝલકાર જનાબ અમૃતલાલ ‘ઘાયલ’ સાહેબ પોતાની એક ગઝલનાં કાફીયામાં સંતોષ વિશે જણાવતાં લખે છે ક’ નથી સંતાપ (દુઃખ) છો ખુબી નથી એકેય મારામાં, મને સંતોષ છે, હું ખાનદાની લઈને આવ્યો છું’.

અમૃત સાહેબ કહે છે કે, ભલે મારા વ્યક્તિત્વમાં એકપણ ખુબી કે આવડત નથી, છતાં મને એ બાબતનું લેશમાત્ર દુઃખ કે સંતાપ નથી, કારણકે મારી પાસે મારી ખાનદાની છે અને મને એનો સંતોષ છે. સંતોષી વ્યક્તિને કોઈ ઉચાટ કે ઉદ્વેગ હોતો નથી. એવું પણ નથી કે દુનિયામાં બધાં જ વ્યક્તિઓ સંતોષી હોય છે, ઘણાં વ્યક્તિઓ વિઘ્નસંતોષી પણ હોય છે, એમનાથી કોઈનું સુખ જીરવાતું નથી અને સામા વ્યક્તિનાં સુખમાં આડખીલીઓ ઊભી કરે છે. ઘણાં તો એટલી હદે બળેલાં હોય છે કે સામાનો મહેલ જોઈને પોતાની ઝૂંપડી પણ તોડી નાંખે છે.

ટૂંકમાં તમે જીવનમાં જેટલો સંતોષ રાખશો એટલાં જ સુખી થશો. સુખની ચાવી તમારા પોતાના હાથમાં જ છે એને ક્યાંયે શોધવાની જરૂર નથી. આમ ક્યારેક નાનાં સુભાષિતો આપણને સારો અને સાચો બોધપાઠ શીખવી જાય છે.

યોગેશભાઈ આર જોષી.હાલોલ

# જૈન આચાર્ય લોકેશજી અને આર.એસ.એસ.ના વરિષ્ઠ નેતા ઈન્દ્રેશ કુમારજીએ ડૉ. અમિત રાય જૈનના પુસ્તક “સરસ્વતી – ધ મિસ્ટિકલ રિવર ઑફ ઈન્ડિયા”નું વિમોચન કર્યું

**સરસ્વતી નદી એ ભારતનો અમૂલ્ય વારસો છે- આચાર્ય લોકેશજી**

**નદી છે તો પાણી છે, પાણી છે તો જીવન છે - ડો.ઇન્દ્રેશકુમારજી**




પ્રગતિ મેદાન, દિલ્હી ખાતે ચાલી રહેલા વિશ્વ પુસ્તક મેળામાં વિશ્વ શાંતિ દૂત પૂજ્ય આચાર્ય ડૉ. લોકેશજીની દિવ્ય હાજરીમાં વિદ્વાન ચિંતક ડૉ. ઈન્દ્રેશ કુમારજી દ્વારા ભારતીય પુરાતત્વવિદ્ ડૉ. અમિત રાય જૈનના પુસ્તક ×સરસ્વતી - ધ મિસ્ટિકલ રિવર ઑફ ઈન્ડિયા×નું વિમોચન કરવામાં આવ્યું હતું. . આ પુસ્તક ભારતની નદીઓ અને તેમના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વનો અભ્યાસ કરનારા વિદ્વાનોને સંબોધવામાં આવ્યું છે. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત લેખક અને સાહિત્યકાર શ્રી કે.ડી. શર્મા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત આચાર્ય ડૉ.લોકેશજીએ ડૉ.અમિત રાય જૈનને તેમના પુસ્તકના વિમોચન બદલ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, ડૉ.અમિત જૈન સમાજનું ગૌરવ છે, આ પુસ્તક ચોક્કસપણે આ વાર્તાઓનો સંગ્રહ છે જે નદીના મહત્વ અને ‘સરસ્વતી‘ નદી સાથે સંકળાયેલા ધર્મ, સંસ્કૃતિ અને ઈતિહાસને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે પુસ્તક એ માણસનો સાચો મિત્ર છે જે કોઈપણ પરિસ્થિતિમાં હંમેશા તેની સાથે રહે છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વરિષ્ઠ નેતા ડૉ. ઈન્દ્રેશ કુમારજીએ ડૉ. અમિત રાય જૈનના પુસ્તકનું વિમોચન કર્યું અને અભિનંદન આપતાં કહ્યું કે આપણે સૌ સંસ્કૃતિના વિવિધ પાસાઓ અને સરસ્વતી નદીના મહત્વ વિશે જાણીશું જેને ઉજાગર કરવાનો અનોખો પ્રયાસ છે. તેમણે કહ્યું કે નદી છે તો પાણી છે અને પાણી છે તો જીવન છે. આ પ્રસંગે તેમણે સરસ્વતી નદી સાથે જોડાયેલી ઘણી પૌરાણિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક યાદો શેર કરી હતી. આ પુસ્તક વિશે માહિતી આપતાં ‘સરસ્વતી - ધ મિસ્ટિકલ રિવર ઓફ ઈન્ડિયા’ના લેખક અને ભારતીય પુરાતત્વવિદ્ ડૉ. અમિત રાય જૈને જણાવ્યું હતું કે, આગમ, વેદ, મનુસ્મૃતિ, મહાભારત અને પુરાણો જેવા મોટાભાગના પ્રાચીન સાહિત્યમાં સરસ્વતી નામનો ઉલ્લેખ છે. હડપ્પન અને વૈદિક ભૂગોળને સમજવા માટે સરસ્વતીના રહસ્યને સામે લાવવું મહત્વપૂર્ણ છે. મુખ્ય પ્રવાહના સિદ્ધાંત મુજબ, તેઓ પૂર્વ અફઘાનિસ્તાનના ભાગ અને સિંધુ અને યમુના-ગંગા વચ્ચેના પ્રદેશમાં ફેલાયેલા છે. આ પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ્ય સરસ્વતી નદીના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને વિશેષરૂપે ઉજાગર કરવાનો છે. તેમણે કહ્યું કે આ પુસ્તક દેશના જાણીતા પ્રકાશક ‘કિતાબવાલે‘ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે અને પ્રસ્તાવના પ્રોફેસર લોકેશ ચંદ્રજી દ્વારા કરવામાં આવી છે. પુસ્તક વિમોચન સમારોહમાં સામાજિક કાર્યકરો, સંશોધકો, પત્રકારો, વિદ્યાર્થીઓ અને વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. તેઓએ ડો. અમિત રાય જૈનની સખત મહેનત અને તેમના દ્વારા લેવામાં આવેલી આ પહેલની પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમમાં સાહિત્યકારો, ઈતિહાસકારો અને પત્રકારો સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.

# ભારતીય અર્થવ્યવસ્થાની રફતાર ધીમી થઇ

મુંબઇ,તા.૧

ભારતીય અર્થવ્યવસ્થામાં એક ચિંતાજનક ખબર સામે આવી છે. ૨૮ ફેબ્રુઆરીના કેન્દ્રીય સાંખ્યિક એને કાર્યકારી કાર્યાન્વયન મંત્રાલયે નવો ડેટા બહાર પાડી હતી. જેનાથી ખબર પડી હતી કે, ઓક્ટોબર ડિસેમ્બર વાળી ત્રિમાસીક ભારતીનો જીડીપી ગ્રોથ રેટ ૪.૪ પ્રતિશત પર આવી ગઇ છે. લગાતાર બીજી ત્રિમાસીમાં પણ આ પ્રકારનો ઘટો જોવા મળી રહ્યો છે. એવામાં સરકારની ચિંતા વધી ગઇ છે જીડીપી સરકારે તરફથી બહાર પાડવામાં આવેલા ડેટા અનુસાર નાણાંકિયા વર્ષ ૨૦૨૩ અને એપ્રિલ-જૂન વાળી ત્રિમાસીક જીડીપી ગ્રોથ ઘણો વધારે થયો હતો .ત્યારે આંકડા ૧૩.૫ ટકા પર પહોચી ગયો હતો.

પરંતુ જિલાઇ-સપ્ટેમ્બર વાળી ત્રિમાસીકમાં અર્થવ્યવસથાને ઝટકો લાગ્યો છે. અને આ આંકડો ૬.૩ ટકા પર આવી ગયો હતો. બીજી ત્રિમાસીક ત્રિમાસમાં પણ તેમા પડતી જોવા મળી રહી છે. તાજા આંકડા અનુસાર જીડીપી ગ્રોથ રેટ પડીને ૪.૪ ટકા પર આવી ગઇ છે.

ડિસેમ્બરમાં ભારતીય રિજર્વ બેક્કે ૨૦૨૨ ના અંતિમ ત્રિમાસીક માટે ૪.૪ ટકાની વૃદ્ધિ દર નું અનુમાન કર્યુ હતુ. જો કે ત્યાર કેન્દ્રીય બેકે આ વર્ષની વિકાસ દરમાં ૬.૮ ટકા રહેવાની વાત કરી હતી. પરંતુ સાંખ્યીક મંત્રાલય દ્વારા જાન્યુઆરીની શરુઆતમાં બહાર પાડવામાં આવેલા જીડીપીના પહેલા અગ્રીમ અુસાર ભારતની જીડીપી ૨૦૨૨-૨૩ માં ૭ ટકાના દરથી વૃદ્ધિ કરી હતી. તો બીજી તરફ અગ્રીમ અનુમાન અનુસાર નાણાંકિયા વર્ષ ૨૩ માટે દેશની વાસ્તવીક્ જીડીપી વૃદ્ધી ૭ ટકાને આંબી ગઇ હતી.

આ અનુમાન તે જ છે જે પહેલા આપવામાં આવ્યુ હતુ. આ સિવાય બીજા મહત્વના અનુમાનમાં નોમિનલ જીડપી વૃદ્ધી ૧૫.૯ ટકા આંકવામાં આવી છે. જે પહેલા અગ્રીમ અનુમાનમાં ૧૫.૪ ટકા કરતા વધારે છે. સરકારે એપ્રિલ જુન ત્રિમાસિક માટે સફળ ઘરેલી ઉત્પાદનની વૃદ્ધિ દરને ૧૩.૫ ટકાથી ઘટાડીને ૧૩.૨ ટકા કરી દિધી છે.

# હોળાષ્ટકમાં ખરીદી કરવાનાં શુભ મુહૂર્તઃઘરેણાં, વાહનો અને તમામ પ્રકારની ખરીદી માટે ૭ દિવસ શુભ,રિયલ એસ્ટેટમાં પણ રોકાણ કરી શકો છો

૨૭ ફેબ્રુઆરીથી હોળાષ્ટકનો પ્રારંભ થઇ ગયો છે , જે ૭ માર્ચ સુધી રહેશે. હોળી પહેલાના આ દિવસોમાં શુભ કાર્યો કરવામાં આવતા નથી. પરંતુ વિદ્વાનો કહે છે કે આ દિવસોમાં ખરીદી કરવામાં કોઈ વાંધો નથી. જ્યોતિષ ગ્રંથો અનુસાર આખા વર્ષ દરમિયાન ખરીદી કરી શકાય છે. જેના માટે કેટલીક તિથિઓ, સમય, નક્ષત્ર અને શુભ યોગ નક્કી કરવામાં આવ્યા છે. આ યોગોના કારણે હોળાષ્ટક દરમિયાન તમામ પ્રકારની ખરીદી માટે આ વખતે સાત દિવસ શુભ રહેશે.

બે દિવસ સુધી પુષ્ય નક્ષત્રનો સંયોગ

આ દિવસોમાં શુક્રવાર અને શનિવારે પુષ્ય નક્ષત્ર રહેશે. જેના કારણે શુક્ર અને શનિ પુષ્યનો સંયોગ રહેશે. આ શુભ નક્ષત્ર શુક્રવારે બપોરે ૩.૩૦ વાગ્યાની આસપાસ શરૂ થશે અને બીજા દિવસે એટલે કે શનિવારે સાંજે ૭ વાગ્યા સુધી ચાલશે. આ રીતે પુષ્ય નક્ષત્રમાં ખરીદી માટે બે દિવસ શુભ રહેશે. આ નક્ષત્રમાં કરવામાં આવેલી ખરીદી લાંબા સમય સુધી ફાયદાકારક રહે છે. જેના કારણે સુખ-સમૃદ્ધિ વધે છે.

૫ અને ૯ માર્ચ સિવાય દરરોજ શુભ સમય આ વખતે તારીખોમાં ફેરફારને કારણે હોળાષ્ટક ૯ દિવસ સુધી રહેશે. જેમાં ૫મી માર્ચ રવિવાર અને ૭મી મંગળવારના રોજ કોઈ શુભ મુહૂર્ત નથી.

આ સપ્તાહમાં ત્રણ સર્વાર્થસિદ્ધિ અને પાંચ રવિયોગ કરવામાં આવશે. આ સાથે જ બે દિવસ સુધી પુષ્ય નક્ષત્રનો સંયોગ રહેશે. બીજી તરફ આ દિવસોમાં વાહન ખરીદી માટે ૪ વિશેષ શુભ મુહૂર્ત અને મિલકત માટે બે શુભ દિવસો રહેશે. શુભ યોગોમાં કરવામાં આવેલ રોકાણ, લેવડ-દેવડ અને ખરીદી લાભદાયી રહેશે.

હોળાષ્ટકમાં ખરીદી કરવાના મુહૂર્ત

તારીખ અને દિવસ　મુહૂર્ત અને શુભ યોગ

૨૭ ફેબ્રુઆરી, સોમવાર　સર્વાર્થસિદ્ધિ યોગ અને વાહન ખરીદી કરવાનું મુહૂર્ત

૨૮ ફેબ્રુઆરી, મંગળવાર　રવિયોગ

૧ માર્ચ, બુધવાર　રવિયોગ અને વાહન ખરીદી માટે શુભ મુહૂર્ત

૨ માર્ચ, ગુરુવાર　સર્વાર્થસિદ્ધિ, રવિયોગ, વાહન અને મિલકતની ખરીદી કરવાનો શુભ સમય

૩ માર્ચ, શુક્રવાર　સર્વાર્થસિદ્ધિ યોગ, વાહન અને મિલકતની ખરીદીનો શુભ સમય

૪ માર્ચ, શનિવાર

રવિયોગ અને પુષ્ય નક્ષત્ર

૬ માર્ચ, સોમવાર　રવિયોગ

જે ઉપરોક્ત મુજબ હોય ખરીદી કરી શકાય છે.

જે લોકો હોળાષ્ટ માં માનતા હોય એ લોકો એ લૌકિક અને સમાજીક રીત રિવાજ પ્રમાણે ચાલવું

ભુદેવ ના જયશ્રી કૃષ્ણ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




*NOG SS NO:004*
★વિષય:ફાગણિયો, હોળી ધુળેટી , રંગોનું મહત્વ★
★શબ્દો:૧૨૬★
★પ્રકાર: ગીત★
★શીર્ષક: રંગોની છાંય★
લાલ લીલો ને ગુલાબી ગુલાલ,
રંગ ચઢે આજે સવહાલ..!
વૃદ્ધ બાલ અબાલ ..
મન મૂકી ખેલે કમાલ!
જોજો ત્યાં ન શ્વેત અબીલ
ન ગુલાલ ન કંકુ વિરલ,
દીશે ન માનવ તોરી ચાલ..
અહીં તો રંગ અંગે વિશાલ..
આયો આયો ફાગણ મહાલ..
વસંતની છોળો ઉડે ગગને
કેશૂડાની કેશરી છાંય પડે
ડાળી ડાળી કેસૂડો ડોલમ ડોલે.
આંગણ શોભે રંગોળી એ લોલ..!
રંગ રંગ માનવતાની રેલમ છેલ..!
શોધે માનવ માનવતા નો ★રંગ★.
ત્યાં ન ઉંચ-નીચ કોઈ ભેદ સૌ મગ્ન!
પડે જીવન માહીં છાંય
સુખ દુ:ખની લહેરે પડે
ઝાંખી પરછાય શોભે
આશની કિરણે લાલી વર્ષે!
અંગે રંગ ચઢે મનભાવન !(૨)
ખેલ ખેલૈયા ખેલે રસિયા
કાન તોરી રાધા સંગ...!
મીરાંની છે કોરી ચુનરિયા..!
વહાલે કેમ કરી ખેલ્યો ખેલ..!
★જયશ્રી.પટેલ★★૧/૩/૨૩★
*******************************

NOG SS N0 : 089
વિષ: જીવનમાં રંગોનું મહત્વ
પ્રકાર : ગદ્ય
શીર્ષક: મેઘધનુ
———-
મેઘધનુ નિહાળીએ ત્યારે નયનોને નજરાણું પ્રાપ્ત થાય છે. સમગ્ર અસ્તિત્વમાં આનંદની લહેર દોડે છે.
યાદ છે “ લાલ પીળો ને વાદળી
એ મૂળ રંગ કહેવાય
બાકીના બીજા બધા
મેળવણીથી થાય”.
આ ફાગણ મહિનો એટલે રંગોની જાણે
મહેફિલ ન જામી હોય. નાના, મોટા . અબાલ, વૃદ્ધ સહુ તેને પ્રેમ પૂર્વક
વધાવે.
જીવનના દરેક પહેલું એટલે અવનવા રંગોનું મિશ્રણ . સુખ, દુખ, ખુશી, ગમ, ઉમંગ, આશા, નિરાશા, ઉત્સાહ , વિષાદ વિ. વિ.
હોળીનો તહેવાર, રંગોની રમઝટ જાણે આનંદનો સાગર ન ઉમટયો હોય ! વૃંદાવનમાં કાન અને રાધા , ગોપ ગોપીઓ સંગે હોળીને પિચકારી ભરી એકબીજાને રંગતા હોય એ દ્રશ્ય આંખ સમક્ષ તરવરી ઊઠે.
હોળીના રસિયાની ધુન કાને અથડાઈ મનને ડોલાવે. લાલ ,લીલી અને કેસરી ચૂંદડી પવનમાં લહેરાય.
ઘેલી ગોપી આવી કાનાને વિનવે, “ કાના પિચકારી તું માર મોરી સાસને હાં કહદી”!
પ્રેમી યુગલ એકબીજાને ગુલાલથી રંગી જીવનમાં તાજગી ભરે. રંગ , રંગીલી દુનિયામાં “ અવનવા રંગો” અનિવાર્ય છે.
આવો આજે દાધા રંગી દુનિયાને અવનવા રંગોની રંગોળી પૂરી સજાવીએ . દુખ, દર્દ અને નિરાશાને ભૂલી મેઘધનુના રંગે સજાવીએ.
પ્રવિણા કડકિયા
*********************************

NOG SS No : 120
વિષય : ફાગણીયો
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : ફાગણીયો ફૂલાયો
શબ્દો : ૯૯

★ફાગણીયો ફૂલાયો★
વસંતના વાયરામાં ફાગણીયો ફૂલાયો,
લીલીછમ્મ ધરતીમાં ફાગણીયો ફૂલાયો,
નવી નવી કૂંપળોમાં ફાગણીયો ફૂલાયો,
કેશુડના રંગબેરંગોથી ફાગણીયો ફૂલાયો.
ઝાકળનાં બુંદબુંદમાં ફાગણીયો ફૂલાયો,
રવિપાકોમાં રોમરોમ ફાગણીયો ફૂલાયો,
એ ફૂલડાંની ફોરમમાં ફાગણીયો ફૂલાયો,
આંબલિયે મ્હોર બેઠા ફાગણીયો ફૂલાયો.
હોળીના ફાગ ગાવામાં ફાગણીયો ફૂલાયો,
ધૂળેટીએ ઘેરૈયાની મસ્તીમાં ફાગણીયો ફૂલાયો,
પતંગિયા રંગની ગાતરીએ ફાગણીયો ફૂલાયો,
દિયર-ભોજાઈના હેતમાં ફાગણીયો ફૂલાયો.
પૂનમની ચાંદનીમાં ફાગણીયો ફૂલાયો,
ચમકતા ચાંદરડામાં ફાગણીયો ફૂલાયો,
અરુણ પ્રભાતનાં રંગોમાં ફાગણીયો ફૂલાયો,
રમતાં બાળકોનાં ગેલમાં ફાગણીયો ફૂલાયો.
મધમધતી મોસમમાં ફાગણીયો ફૂલાયો,
ઠંડી-ગરમીને સંકોરતો ફાગણીયો ફૂલાયો,
પંખીઓનાં કલરવમાં ફાગણીયો ફૂલાયો.
★રમા★ ઝાંઝવાનાં નીરમાં ફાગણીયો ફૂલાયો.
ડૉ રમીલાબેન ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

# G20: ગુરુગ્રામમાં યોજાયેલી ભ્રષ્ટાચાર વિરોધી બેઠકમાં ઘણા મુદ્દાઓ પર મંથન, ભાગેડુ આર્થિક અપરાધીઓ પર પણ ચર્ચા કરવામાં આવી

**★કેન્દ્રીય મંત્રી ડો.જિતેન્દ્ર સિંહે ઉદ્‌ઘાટન સત્રને સંબોધિત કર્યું હતું★**
**★બેઠક દરમિયાન ચોરાયેલી સંપત્તિની વસૂલાત અંગે ચર્ચા થઈ હતી.★**
**★ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી જૂથની પ્રથમ બેઠક ગુરુગ્રામમાં ૧-૩ માર્ચ સુધી ચાલશે★**



ગુરુગ્રામ, ૧ માર્ચ: G૨૦ની ચાર દિવસીય પ્રથમ ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી જૂથ (ACWG) બેઠક આજે ગુરુગ્રામમાં શરૂ થઈ. બેઠકમાં દૂર-દૂરથી આવેલા વિદેશી રાજનેતાઓ, ચિંતકો અને વિદ્વાનોએ તેમના અનુભવો શેર કર્યા હતા અને સરકારી કામમાં પારદર્શિતા લાવી ભ્રષ્ટાચારના રોગને ખતમ કરવા ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની ચર્ચા કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડો.જિતેન્દ્ર સિંહે ઉદ્‌ઘાટન સત્રને સંબોધિત કર્યું હતું. ગુરુગ્રામમાં આ બેઠક ૧-૩ માર્ચ સુધી ચાલશે, ત્યારબાદ ૪ માર્ચે, પ્રતિનિધિઓને હરિયાણાની કલા સંસ્કૃતિનો પરિચય કરાવવામાં આવશે.

આ અવસર પર કેન્દ્રીય મંત્રી ડો.જિતેન્દ્ર સિંહે સંબોધન કરતા જણાવ્યુ કે, G૨૦ ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી જૂથ હાલના પરસ્પર કાયદાકીય સહાયતા માળખાને સુધારવા માટે સક્રિયપણે માહિતીનું આદાન-પ્રદાન કરશે અને ફોજદારી બાબતોમાં સ્થાનિક કાયદા અમલીકરણ અધિકારીઓ વચ્ચે માહિતીના આદાન-પ્રદાનની પદ્ધતિને સરળ બનાવશે. વધુમાં તેમણે કહ્યું કે, ભારતની G૨૦ અધ્યક્ષતા અભૂતપૂર્વ આર્થિક, ભૌગોલિક રાજકીય અને આબોહવા પડકારો દ્વારા ચિહ્નિત થયેલ છે. બેઠક દરમિયાન,G૨૦ દેશોએ ભાગેડુ આર્થિક અપરાધીઓને શોધીને પ્રત્યાર્પણ કરવાની રીતો પર ચર્ચા કરી. આ સાથે, ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી જૂથની બેઠક દરમિયાન ચોરાયેલી સંપત્તિની રિકવરી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.વિદેશી મહેમાનોના દિવસની શરૂઆત યોગથી થઈ હતી. ઉદ્‌ઘાટન સત્રમાં, ભારતમાંથી G20 ACWG અધ્યક્ષ રાહુલ સિંહ અને ઈટાલીના સહ-અધ્યક્ષ જીઓવાન્ની ટાર્ટાગ્લિયાએ તમામ મહેમાનોનું સ્વાગત કર્યુ. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગના સેક્રેટરી, રાધા ચૌહાણ અને ઈટાલીના નેશનલ સ્કૂલ ઓફ એડમિનિસ્ટ્રેશનના પ્રમુખ અને ભૂતપૂર્વ કાયદા મંત્રી પ્રો. પાઓલા સેવેરિનોએ પણ વક્તવ્ય આપ્યું હતું.

# ૦૩ માર્ચ, “વિશ્વ વન્યજીવન દિવસ”

**પર્યાવરણનું જતન, આબાદ વતન**
**ચાલો વન્યજીવોની રક્ષાનો સંકલ્પ કરીએ.**




વિશ્વભરમાં દર વર્ષે ૩ માર્ચે “વિશ્વ વન્યજીવન દિવસ”ની ઉજવણી કરવામાં આવે છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩નાં રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ, તેની ૬૮ મી મહાસભામાં, વિશ્વભરનાં લોકોને વન્યપ્રાણી સંરક્ષણ માટે જાગૃત કરવા અને વનસ્પતિની લુપ્તપ્રાય જાતિ અંગેની જાગૃતિ માટે દર વર્ષે ૩ માર્ચે “ વિશ્વ વન્ય જીવન દિવસ ”ની ઉજવણી કરવાની ઘોષણા કરી હતી. જૈવ વિવિધતાની સમૃદ્ધિ પૃથ્વીને રહેવાલાયક બનાવવા માટે યોગ્ય બનાવે છે, પરંતુ આજના સમયની વક્રોક્તિ એ છે કે સતત વધતું પ્રદૂષણ વાતાવરણ પર એ રીતે વિપરિત અસર કરી રહ્યું છે કે જેના ખરાબ પરિણામ તરીકે જીવ-જંતુઓ અને વનસ્પતિઓની અનેક પ્રજાતિઓ ધીરે-ધીરે લુપ્ત થવાને આરે છે.રાજ્યમાં વન વિસ્તારનું વર્ગીકરણ ખુબ જ અસમાન છે. આણંદ જીલ્લો સૌથી ઓછો જંગલ વિસ્તાર ધરાવે છે જયારે કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૫૫૯૮.૮૩ ચોરસ કિમી વન વિસ્તાર આવેલો છે. દેશમાં કુલ ભૌગોલીક વિસ્તારનાં ૪ ટકા વન વિસ્તાર વન્ય પ્રાણી રક્ષિત વિસ્તાર જાહેર થયેલો છે. જેની સામે ગુજરાતમાં ૮.૮ ટકા વિસ્તાર પ્રાણીઓ માટે આરક્ષિત છે.રાજ્યમાં દુર્લભ પ્રાણીઓનાં સંરક્ષણ કાર્યક્રમ અન્વયે ઘણાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો પણ છે. રાજ્યમાં સિંહ, દીપડા, રીંછ, ઘુડખર, કાળીયાર, મગર જેવા વન્યજીવોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં ૫૧૩ જાતિના પક્ષીઓ, ૧૧૪ પ્રજાતિઓનાં સરીસૃપ અને ઉભયજીવી જાતો, ૧૧૧ પ્રજાતિનાં સસ્તન પ્રાણીઓ અને ૭૦૦૦થી વધારે પ્રજાતિઓનાં કીટકો અને મૃદુકાય જીવો જોવા મળી રહ્યા છે. જેમાંથી હવે ઘણા જીવો અલભ્ય થવા લાગ્યા છે. આ વન્ય જીવન દિવસ નિમિત્તે વનોની સંખ્યામાં વધારો થાય એ બાબતે પ્રયાસો કરવા જોઈએ જેથી વન્ય પ્રાણીઓનું રક્ષણ થઈ શકે.

પર્યાવરણનું જતન, આબાદ વતન

ચાલો વન્યજીવોની રક્ષાનો સંકલ્પ કરીએ.

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સીમિત સુધારોઃ ક્રૂડ તેલના ભાવમાં નરમાઈ

## નેચરલ ગેસ, કોટનમાં વૃદ્ધિઃ મેન્થા તેલ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૧૪૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૦૯૭૦ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૫ કરોડનાં કામકાજ

ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૪૬,૫૫૯ સોદાઓમાં કુલ રૂ.૧૮,૧૨૮.૨૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૧૪૩.૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૦૯૬૯.૮૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૦,૦૫૮ સોદાઓમાં કુલ રૂ.૩,૪૯૬.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૭૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૮૮૯ અને નીચામાં રૂ.૫૫,૬૨૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૯ વધી રૂ.૫૫,૮૩૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૭ વધી રૂ.૪૪,૪૯૨ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૭ વધી રૂ.૫,૫૦૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫,૯૯૦ના ભાવે ખૂલી, રૂ.૧૮૭ વધી રૂ.૫૫,૯૦૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૪,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૪,૩૦૧ અને નીચામાં રૂ.૬૩,૭૫૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૯ વધી રૂ.૬૩,૮૬૨ ના સ્તરે બોલાઈ રહ્યો હતો.

ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૪૭ વધી રૂ.૬૪,૯૮૪ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૪૭ વધી રૂ.૬૪,૯૯૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૧૫૬ સોદાઓમાં રૂ.૧,૮૧૧.૬૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૪૫ વધી રૂ.૨૧૧.૪૦ અને જસત માર્ચ વાયદો રૂ.૩.૯૫ વધી રૂ.૨૭૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૭.૫૦ વધી રૂ.૭૭૪.૧૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૫ વધી રૂ.૧૮૫ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૪,૧૦૧ સોદાઓમાં કુલ રૂ.૧,૮૨૫.૫૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૪૦૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૪૩૧ અને નીચામાં રૂ.૬,૩૦૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૯૪ ઘટી રૂ.૬,૩૧૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૩૦ વધી રૂ.૨૨૭.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૫૩ સોદાઓમાં રૂ.૯.૯૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી માર્ચ વાયદો ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૫૦૦ અને નીચામાં રૂ.૬૩,૨૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૦ વધી રૂ.૬૩,૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮ ઘટી રૂ.૧૦૩૯.૬૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૧૭.૪૦ કરોડનાં ૨,૮૯૮.૪૩૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૮૭૮.૮૧ કરોડનાં ૨૮૯.૧૯૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯૮૭.૨૨ કરોડનાં ૧૫,૫૨,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૮૩૮ કરોડનાં ૩૬૫૩૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડીના વાયદાઓમાં રૂ.૩.૩૫ કરોડનાં ૫૨૮ ખાંડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૬.૬૩ કરોડનાં ૬૩.૩૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૫૩૧.૮૮૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૯૨.૦૨૧ ટન, ક્રૂડ તેલમાં ૯૪૪૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩૬૮૭૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટન ખાંડીમાં ૯૫૦૪ ખાંડી, મેન્થા તેલમાં ૩૮૭.૩૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૫.૦૪ કરોડનાં ૧૯૯ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૧૦૦ના સ્તરે ખૂલી, ૩૨ પોઈન્ટ વધી ૧૫,૧૨૦ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૦,૯૬૯.૮૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫૫.૫૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૪.૨૭ કરોડનાં કામ થયાં હતાં.

એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮,૭૦૪.૭૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૭૩.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૮૨.૯૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૮.૮૦ અને નીચામાં રૂ.૧૫૮.૧૦ રહી, અંતે રૂ.૪૧.૬૦ ઘટી રૂ.૧૬૩.૪૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૭ અને નીચામાં રૂ.૧૨ રહી, અંતે રૂ.૪.૧૫ વધી રૂ.૧૫.૫૦ થયો હતો.

સોનું માર્ચ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૬ અને નીચામાં રૂ.૩૫૦ રહી, અંતે રૂ.૩૭ વધી રૂ.૪૨૭ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૮૩૪.૫૦ અને નીચામાં રૂ.૧,૬૪૦ રહી, અંતે રૂ.૩૭ વધી રૂ.૧,૬૭૧.૫૦ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૯ અને નીચામાં રૂ.૩૫૧.૫૦ રહી, અંતે રૂ.૪૫.૫૦ વધી રૂ.૪૪૮ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૯.૩૦ અને નીચામાં રૂ.૧૪૫ રહી, અંતે રૂ.૩૯.૬૦ વધી રૂ.૧૯૫.૬૦ થયો હતો.

જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૪.૫૦ અને નીચામાં રૂ.૧૦.૪૫ રહી, અંતે રૂ.૩.૪૦ ઘટી રૂ.૧૩.૪૦ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૯ અને નીચામાં રૂ.૨૧૫ રહી, અંતે રૂ.૩૦ ઘટી રૂ.૨૨૯ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૬૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૯૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૫૧૧ અને નીચામાં રૂ.૧,૩૩૫ રહી, અંતે રૂ.૧૩૩.૫૦ ઘટી રૂ.૧,૪૭૧ થયો હતો.

સોનું-મિની માર્ચ રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૩ અને નીચામાં રૂ.૨૧૦ રહી, અંતે રૂ.૫૭ ઘટી રૂ.૨૧૬.૫૦ થયો હતો.

NEWS OF GANDHINAGAR_P-3

## બનાસકાંઠા ધાનેરાના ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈ દ્વારા ખેડૂતોને બટાકાના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી

બનાસકાંઠા,

સમગ્ર ગુજરાત રાજયમાં બનાસકાંઠા જિલ્લામાં બટાકાના પાકનું સૌથી વધુ વાવેતર બનાસકાંઠા જિલ્લામાં થાય છે બટાકાની ખેતી આમ તો મોંઘી છે પરંતુ બટાકાની ઉત્પાદન ક્ષમતા અન્ય પાકો કરતા વધુ હોય ભૌગોલિક પરિસ્થિતિ અને વાતાવરણને અનુકૂળતા ને કારણે મોટાભાગના ખેડૂતો બટાકાની ખેતી કરે છે બનાસકાંઠા જિલ્લો ખેતી અને પશુપાલન પર નિર્ભર જિલ્લો છે બટાકાનું ઉત્પાદન કરતા ખેડૂતોને છેલ્લા ત્રણ વર્ષથી પોશાક શમભાવો મળતા નથી બટાકાને ખેતીમાં ખાતર બિયારણ દવા લાઈટ બિલ ટ્રાન્સપોર્ટ ખર્ચ અને મજૂરી જેવા તમામ ખર્ચનો સમાવેશ કરી પ્રાથમિક એવરેજ ગણતરી મુજબ પ્રતિ ૨૦ રૂ કિલો ની પડતર રૂપિયા ૧૦૦ થી ૧૧૦ સુધી પડે છે તેની



સરખામણીએ ખેડૂતોને પોષણક્ષમભાવો બજારમાં મળી રહ્યા નથી ખેડૂતોને વાવેતર ખર્ચ પોતાની નાણાકીય ક્ષમતા અને પ્રતિષ્ઠા આધીન નાણાકીય સગવડો ઊભી કરી વાવેતર કરેલ છે તેથી મોટાભાગના ખેડૂતો પોતાનો ઉત્પાદિત જથ્થો વેચાણ ના થવાથી ચિંતાતુર રહે છે સંપૂર્ણ રીતે નાણાકીય સંકટ મા આવી જાય છે આવા કપરા સંજોગોમાં રાજય સરકાર શ્રી દ્વારા બટાકાના ટેકાના ભાવ જાહેર કરવામાં આવે અથવા તો બટાકાની વપરાશ કરતો વિશ્વના દેશો સાથે સંકલન કરીને વિકાસની સરળ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો બટાકાનું ઉત્પાદન કરતા ખેડૂતો બચી શકે આ બાબતે સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી માવજીભાઈ દેસાઈ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લામાં બટાકાનું વાવેતર ખૂબ જ પ્રમાણમાં થાય છે ખેડૂતો દ્વારા પોષણક્ષમ ભાવ ના મળવાથી બટાકા રોડ રસ્તા પર ફેંકી દેવામાં આવે છે અને બીમારી પણ ફેલાય છે આના કારણે જાગૃત ધારાસભ્યશ્રી દ્વારા આ વર્ષે મુખ્યમંત્રી શ્રી ને પત્ર પાઠવી ખેડૂતોના હિતમાં બટાકાના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રજૂઆત કરી છે.(ભરત દવે.ધાનેરા)

## વિજ્ઞાન ગુર્જરી દ્વારા આયોજિત ગુજરાત વિજ્ઞાન સંમેલન ૨૦૨૩ મા ભારતીય સંસ્કૃતિ મા રહેલું વિજ્ઞાન ની ગોષ્ઠી, તથા ભવ્ય સમાપન કાર્યક્રમ

વિજ્ઞાન ગુર્જરી દ્વારા ગુજરાત વિજ્ઞાન સંમેલન ૨૦૨૩ (GVS 2023) નું તા.૧૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન વિવિધ કાર્યક્રમો જેવા કે ૧૦ જેટલી ઓનલાઈન સ્પર્ધા, વિજ્ઞાન વર્કશોપ, કોન્ફરન્સ તથા વિજ્ઞાન ગુર્જરી વિક્રમ સારાભાઈ બેસ્ટ Phd thesis, પુસ્તક તુલા જેવા કાર્યક્રમો થયા. તા.૨૮ ફેબ્રુઆરી ના રોજ સમાપન તથા પુરસ્કાર વિતરણ સાલ ના ઓડિટોરિયમ હોલ માં, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું.







જેમાં સવિશેષ મહેમાનો સદગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસ સ્વામીજી, અધ્યક્ષ, SGVP, શ્રી શૈલેષભાઈ પટેલ, કાર્યવાહ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, શ્રી વિવેકાનંદ પાઇ, સચિવ, વિભા, ડૉ. વિદ્યાધર વૈદ્ય, પ્રોફ. ચૈતન્ય જોષી, વિજ્ઞાન ગુર્જરી ના અધ્યક્ષ, ની ઉપસ્થિત રહીને આ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યા હતા. ગુજરાતભરમાંથી આવેલ રિસર્ચર, Educationalist, વૈજ્ઞાનિકો, સમાજ ના આગેવાનો, વિધ્યાર્થીઓ ની ૭૫૦ થી વધારે ઉપ્સ્તીથી રહી હતી.

આ કાર્યક્રમ મા અલગ અલગ પ્રતિયોગિતામાં થી ૮૦ થી વધારે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

તથા વિજ્ઞાન ના કાર્યકર્મો મા મદદરૂપ કરતી વિવિધ શાળા, કોલેજ, યુનિવર્સિટિ ને પણ એવોર્ડ આપીને સન્માન કરવામાં આવ્યું. જેમાં સાતેજ સરકારી પ્રાથમિક શાળા, GTU, SSIT Bhat જેવી સંસ્થાઓ ને એવોર્ડ આપ્યા.

તથા વિજ્ઞાન ગુર્જરી વિક્રમ સારાભાઈ બેસ્ટ PhD thesis એવાર્ડ દ્વારા શ્રેષ્ઠ સંશોધન ના કાર્ય ને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યું. જે મા ઈનામ ની રકમ ૩૦,૦૦૦, ૨૦૦૦૦, અને ૧૫૦૦૦ છે.

વિજ્ઞાન ગુર્જરીના પ્રમુખ ચૈતન્ય જોષી, વિદ્યાધર વૈધ ના માર્ગદર્શન હેઠળ જીગ્નેશભાઈ બોરીસાગરના સંકલનથી સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ગુજરાત ભરના અનેક કાર્યકરો રસ પૂર્વક જોડાયા હતા.

આ સમગ્ર કાર્યક્રમ ના આયોજન મા સાયન્સ સિટી, GBRC, DST, SSIP, GTU, SAL Education, ihub, આંબેડકર ઓપન યુનિવર્સિટી, HNGU, GIDC, SDAU, INDUS યુનિવર્સિટી દ્વારા ખૂબ સારો સહયોગ આપવામાં આવેલ છે. GVS મા ૧૦૦૦૦ (દસ હજાર) થી પણ વધારે લોકો દ્વારા ભારતીય વૈજ્ઞાનિકો અને તેમના યોગદાન પર તથા ભારતીય સંસ્કૃતિ મા રહેલા વિજ્ઞાન ને પ્રતિયોગિતા, વર્કશોપ, કોન્ફરન્સ જેવા વિવિધ કાર્યક્રમો ના માધ્યમ થી આજ ની પેઢી સુધી પહોંચવા પ્રયત્ન કર્યો.

### સિવિલ હોસ્પિટલ જાઓ એ પહેલાં આવાં દશ્યો!:

## ખુલ્લેઆમ દારૂની પોટલીઓ પીને દારૂડિયા ફેંકતા દેખાયા, ભીડ વધે ત્યારે ૧૦૮ પણ ન નીકળી શકે

અમદાવાદ,તા.૧

બીમાર વ્યક્તિ સારવાર લેવા હોસ્પિટલ જાય. એમાં પણ સારી સારવાર માટે અમદાવાદની અસારવા ખાતે આવેલી એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ જાય, પરંતુ આ હોસ્પિટલમાં જાય એ પહેલાં દારૂબંધીને તમાચા મારતાં ચોંકાવનારાં દશ્યો રોડ પર જ જોવા મળે. દર્દી હોસ્પિટલમાં પ્રવેશે એ પહેલાં જ તેને સિવિલ હોસ્પિટલના ગેટ આગળ લાઈન લગાવીને દારૂ પીતા દારૂડિયા દેખાય.



દારૂની પોટલીઓમાંથી ખુલ્લેઆમ મદિરાપાન કરતા દારૂડિયા પછી ગમે ત્યાં પોટલીઓ ફેંકી દે છે. આ સ્થિતિ ક્યારેક એટલી હદે વકરી જાય છે કે સિવિલ હોસ્પિટલમાં ઈમર્જન્સી સેવા ૧૦૮ને પણ અંદર જતાં મુશ્કેલીઓ પડી જાય છે.

આ બધું પોલીસની નજરમાં ન હોય એ મોટો સવાલ છે, કેમ કે જ્યાં ખુલ્લેઆમ દારૂ પીવાય છે એ સ્થળ ડીસીપીની ઓફિસથી માંડ એકાદ કિમીના અંતરે આવેલું છે. ત્યારે સ્થાનિક પોલીસ-ઈન્સ્પેક્ટર કે શહેરના જાંબાઝ પોલીસને આ બધું દેખાતું નથી.

રાજ્યમાં દારૂબંધી છે છતાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ અને સેવન થઈ રહ્યું છે.

દારૂના વેચાણ સામે પોલીસ આંખ આડા કાન કરી રહી છે અથવા તો પોલીસની રહેમ નજર હેઠળ દારૂનો વેપાર થઈ રહ્યો હોય એવું લાગી રહ્યું છે. આ વાત વીડિયોમાં દેખાતા દશ્ય પરથી સ્પષ્ટ થાય છે, જ્યાં અસારવામાં સિવિલ હોસ્પિટલના ગેટની સામે જાહેરમાં દારૂનું વેચાણ પણ થાય છે અને લોકો જાહેરમાં દારૂ પી રહ્યા છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં આવેલી ભોગીલાલની જૂની ચાલી સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગના દરવાજાની સામે આવેલી છે. આ દરવાજાથી માત્ર રોડ ક્રોસ કરીને જઈએ ત્યાં દેશી દારૂનો અડ્ડો આવેલો છે.

આ અડ્ડા પર ખુલ્લેઆમ દારૂ મળી રહ્યો છે, જેને ખરીદી અનેક લોકો ખુલ્લેઆમ જાહેરમાં પી રહ્યા છે, જોકે મળતી માહિતી મુજબ, આ દારૂનો વેપાર એક મહિલાના નામથી કરવામાં આવી રહ્યો છે.વીડિયોમાં દેખાય છે તે મુજબ એક યુવક બેઠેલો દેખાય છે, જેની પાસેથી દેશી દારૂની થેલી લોકો લઈ રહ્યા છે. આ જ દારૂની થેલીઓ લઈને લોકો ત્યાં અથવા તો ચાલીની બહાર જાહેરમાં જઈને દારૂ પી રહ્યા છે. દારૂ વેચનાર યુવકને કે પછી દારૂ પીનાર વ્યક્તિને કોઈનો ડર ના હોય તેમ ખુલ્લેઆમ દારૂબંધીના કાયદાને પડકારતા હોય તેમ કરી રહ્યા છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના પીઆઇ કે ઝોન-૪ ડીસીપીની જાણ બહાર આ પ્રકારે દારૂનો વેપાર થઈ રહ્યો હોય એવું માનવામાં આવતું નથી, કારણ કે દારૂના અડ્ડાથી ૧૦૦ મીટરના અંતે પોલીસચોકી આવેલી છે, જ્યારે ૧.૫ કિમીના અંતરે શાહીબાગ પોલીસ સ્ટેશન અને ઝોન-૪ ડીસીપીની કચેરી પણ આવી છે. સ્થાનિક પોલીસ, ડી સ્ટાફ અને ઝોન-૪ ડીસીપીની એલસીબી સ્કવોડ દ્વારા નિયમિત પેટ્રોલિંગ કરવામાં આવે છે, પરંતુ કોઈ કાર્યવાહી કરવાના આવતી નથી.

## ભાવનગર મહાનગરપાલિકાનું રૂપિયા ૧૧૦૦ કરોડનું બજેટ સામાન્ય ફેરફાર સાથે મંજૂર થયું

ભાવનગર,તા.૧

ભાવનગર મહાનગર પાલિકાનું વર્ષ ૨૦૨૩-૨૪ માટેનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીમાં ચર્ચા માટે રજૂ કરાયું હતું. જેમાં શહેરના વિકાસને લઈને શિક્ષણને લઈને જુદા જુદા મુદ્દાઓ ઉપર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિત સભ્યો અને કમિશનર સહિત તમામ વિભાગના વડાઓ સાથે બેઠક યોજાઈ હતી અને બજેટ રજૂ કરાયું હતું તેમજ બજેટ અંગેની ચર્ચા થઈ હતી, જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને કોર્પોરેશનના અંદાજપત્ર વર્ષ ૨૦૨૩- ૨૪ ની સ્ટેન્ડિંગ કમિટીમાં ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ખાસ કોઈ મોટા ફેરફાર વગર બજેટ સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર રાખવામાં આવ્યું હતું.ભાવનગર મહાનગરપાલિકા માં સ્ટેન્ડિંગ કમિટીમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા પણ આજે બજેટ રજૂ કરેલ એના બજેટમાં રૂપિયા ૧૬૯ કરોડના સરભર બજેટ અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી અને તેના ઉપર ચર્ચા પણ થઈ હતી. ભાવનગરમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું ૧૬૯.૭૫ કરોડ રૂપિયાનું બજેટ સર્વાનુમતે મંજૂર થયું હતું.ગયા વર્ષ કરતા આ વર્ષે શિક્ષણ સમિતિના બજેટની રકમમાં વધારો કરવામાં આવ્યો હતો. જોકે શિક્ષણ સમિતિ દ્વારા રજુ કરેલા બજેટમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સુધારા કરાયેલો ન હતો, પરંતુ કોર્પોરેશન શિક્ષણ સમિતિની તમામ શાળાના ધોરણ છ થી આઠ ના બાળકોને નારી ખાતે આવેલા રીજીયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત માટે રૂપિયા ૭૫ લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૧૬૯ કરોડના બજેટની ચર્ચા બાદ મહાનગરપાલિકાના ૧૧૦૦ કરોડના બજેટ ની ચર્ચા કરી હતી, જેમાં સીટી એન્જિનિયર, કમિશનર, શોપ, વ્યવસાય વેરો, ગાર્ડન રોશની, એકાઉન્ટ, કોમ્પ્યુટર સીટના વિભાગોની ચર્ચા વિચારણા કરી હતી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને આ અંગે પૂછતા તેમણે જણાવેલ કે મહાનગરપાલિકાનું બજેટ ૧૧૦૦ કરોડનું રજૂ કરવામાં આવ્યું હતું.જેમાં આવનારા દિવસોમાં શિક્ષણથી લઈને રોડ રસ્તા ડ્રેનેજ આરોગ્ય વિભાગ ની સાથે શહેરના જુદા જુદા વિકાસ માટે જુદી જુદી દિશામાં ખર્ચ કરવા માટે બજેટ રજૂ કરવામાં આવેલું હતું અને તે સામાન્ય ફેરફાર સાથે મંજૂર પણ કરવામાં આવ્યું હતું.આ બજેટ અંગે વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે દર વર્ષે બજેટમાં મોટા મોટા આંકડાઓ લખવામાં આવે છે અને વિકાસ માત્ર કાગળ પર જ થાય છે શિક્ષણ પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરાય છે આમ છતાં અનેક શાળાઓની હાલત સાવ ખરાબ છે તેમજ શિક્ષણનું સ્તર પણ નીચું જઈ રહ્યું છે. આરોગ્ય ની વાત કરવામાં આવે તો દવાખાનાઓમાં પૂરતો સ્ટાફ પણ નથી.

## હાટકેશ્વર બ્રિજમાં ગુનાહિત ભ્રષ્ટાચાર સરકારનું બેનમૂન કોંક્રિટ ઉદાહરણ, સરકાર મોરબી દુઘર્ટનાથી કઈ શીખી ખરા ?

**■ વર્ષ ૨૦૨૨ નિર્માણાધિન - નવા બ્રિજ તૂટવા - ક્ષતિગ્રસ્ત થવાની સાતથી પણ વધુ ઘટનાઓ.**

**■ અમદાવાદ, મેહસાણા, વડોદરા, લુણાવાડા, સુરત, આણંદ, ભરૂચમાં બ્રિજ તૂટવા અને ક્ષતિગ્રસ્ત થવાની ઘટના ઘટી, શું સરકાર એ કોન્ટ્રાકટર ઉપર કોઈ પગલાં લીધા?**

**■ સરકાર ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો ને શું કામ છાવરી રહી છે.**

**■ શું સરકારનું નવું સૂત્ર "બ્રિજ ભ્રષ્ટાચારાય નમઃ" છે ? શું ભ્રષ્ટાચારના કીચડમાં કમળ ખીલવી રહ્યા છે ?**

**■ બ્લેકલિસ્ટ કોન્ટ્રાકટર લીસ્ટ ભાવનગર - વડોદરા ના કોર્પોરેશન ના વેબ પોર્ટલ ઉપર અપલોડ થાય તો અમદાવાદ, સુરત, રાજકોટ સહિતની અન્ય કોર્પોરેશન શું કામ સંતાડી રહ્યા છે ? માર્ગ અને મકાન વિભાગે બ્લેકલિસ્ટેડ કોન્ટ્રાકટરનામ અને કંપનીના નામ પબ્લિક ડોમેન માં મૂકવું જોઈએ.**

**■ શું બ્રિજના ભ્રષ્ટાચારમાં ખર્ચ પ્રજા ભોગવશે ? કોન્ટ્રાકટરના અન્ય ચાલતા સરકારી કોન્ટ્રાક્ટની સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરવી જોઈએ.**

રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર મિત્રોને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયા એ સરકાર ઉપર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે અમદાવાદના હાટકેશ્વર બ્રિજનો ભ્રષ્ટાચાર સરકારના ભ્રષ્ટાચારનો કોંક્રિટ બેનમૂન નમૂનો છે.મોરબી દુર્ઘટનાથી શરમાયા વગર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બ્રિજ નો રિપોર્ટ ચૂંટણી સુધી સંતાડી રાખવામાં આવ્યો. વર્ષ ૨૦૨૨ માં મોરબી સાથે ગુજરાત રાજ્ય માં નિર્માણાધિન કે નવા બ્રિજ તૂટવાની-ક્ષતિગ્રસ્ત થવાની સાત જેટલી ઘટનાઓ બની હતી. સરકારને સવાલ થાય, અમદાવાદના બોપલમાં નવેમ્બર ૨૦૨૨, આણંદ બોરસદ ચોકડીમાં સપ્ટેમ્બર ૨૦૨૨, વડોદરાના સિંધરોટમાં માર્ચ ૨૦૨૨, લુણાવાડાના હાંડોડમાં ઓગસ્ટ ૨૦૨૨, નાંદેલાવ ભરૂચમાં જૂન ૨૦૨૨, મેહસાણા - ઊંઝા હાઈવેમાં એપ્રિલ ૨૦૨૨, સુરત ઓલપાડમાં ઓગસ્ટ ૨૦૨૨ માં બ્રિજ ક્ષતિગ્રસ્ત કે તૂટવાની ઘટના ઘટી હતી. શું આ કોન્ટ્રાકટરો ઉપર કોઈ કાયદેસરની કાર્યવાહી થઈ ખરી? શું આ કોન્ટ્રાકટરો સરકારમાં બેઠેલા અધિકારીઓ કે કોઈ નેતાઓ જોડે સાંઠગાંઠ છે ? બ્રિજ તૂટવા કે ક્ષતિગ્રસ્ત થવા કે તૂટવા નો ખર્ચ કોના માથે ? પાડા ના વાંકે પખાલી ને ડામ. શું આ ભ્રષ્ટાચારી કોન્ટ્રાકટરોના સરકારમાં ચાલતા અન્ય પ્રોજેક્ટની સિકયુરિટી ડિપોઝિટ માં થી વસૂલવા ના જોઈએ?

ભાજપ સરકારની ભરોસા અને પારદર્શિતાની વાત પોકળ છે તે આ ઘટના ક્રમો દર્શાવે છે. ભાવનગર અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન એમના વેબ પોર્ટલ ઉપર બ્લેકલિસ્ટ કોન્ટ્રાક્ટરો નામ મૂકી શકે તો અમદાવાદ , રાજકોટ, સુરત, જામનગર,જૂનાગઢ અને ગાંધીનગરના મ્યુનિસિપલ કોર્પોરેશન પોતાના વેબ પોર્ટલ ઉપર શું કામ ના મૂકી શકે? ભાજપ શાસિત કોર્પોરેશન અને રાજ્ય સરકાર કોને છાવરવા માંગે છે તે છાસવારે સવાલ થાય છે.

પાર્થિવરાજસિંહ કઠવાડીયા

## સુરતમાં ચાલુ ટ્રેક્ટરે ડ્રાઈવર પિતાના ખોળામાંથી ૨ વર્ષની દીકરી નીચે પડતાં ટાયર નીચે આવી ગઈ

### ટ્રેક્ટરનું વ્હિલ ફરી વળતાં માથાનો ભાગ ચગદાઈ ગયો હતો. જેને લઇ માસૂમ બાળકીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું

સુરત,તા.૧

સુરતના સરથાણા નેચર પાર્ક ખાતે કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ કરી રહેલા ચાલુ ટ્રેકટરમાં ડ્રાઈવર પિતાના ખોળામાંથી ૨ વર્ષની માસૂમ દીકરી નીચે પડી જતાં ટાયર નીચે કચડાઈ ગઈ હતી. બાળકીનો માથાનો ભાગ ટાયર નીચે ચગદાઈ ગયો હતો, જેને લઈ બાળકીનું ઘટનાસ્થળે જ મોતની નીપજયું હતું. બનાવને પગલે સરથાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતના સરથાણા વિસ્તારમાંથી ખૂબ જ કરુણ ઘટના સામે આવી છે. જ્યાં પિતાની નજર સામે તેની બે વર્ષીય માસૂમ બાળકીનું પોતાના જ ટ્રેક્ટર નીચે આવી જતા મોત નીપજ્યું હોવાની ઘટના બની છે. મૂળ મધ્ય પ્રદેશના જાંબુઆ જિલ્લાના મેઘનગર તાલુકાના નવાપાડા પાલ ગામ ખાતે રહેતો સિંગાડીયા પરિવાર બે માસ પહેલા સરથાણા જકાતનાકા પાસે આવેલા નેચરપાર્કની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે આવ્યો હતો. આ પરિવારમાં મુકેશ સિંગાડીયા તેમની પત્ની રંગાબાઈ તેમજ ભત્રીજો સુરેશ સુરમલ સિંગાડીયા તેમની પત્ની પૂજા અને તેમના બે નાના બાળકો સરથાણા નીચે પાર્ક પાસે જ રહેતા હતા. જેમાંથી શ્રમિક સુરેશ સિંગડિયા ટ્રેક્ટર ચલાવતો હતો. દરમિયાન પોતાના જ ટ્રેક્ટરમાં પોતાની બે વર્ષે બાળકી પ્રિયંકા ટ્રેક્ટરના ટાયર નીચે આવી જતા મોતને ભેટી છે. જેને લઈ પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

સરથાણા નેચરપાર્કના મુખ્ય ગેટ પાસે કમ્પાઉન્ડ વોલનું કામ ચાલી રહ્યું છે. દરમિયાન મજૂર સુરેશ તેની બે વર્ષથી દીકરી પ્રિયંકાને પોતાના ખોળામાં બેસાડી ટ્રેક્ટર ચલાવી કામકાજ કરી રહ્યો હતો. જયારે પરિવારના અન્ય સભ્યો નેચરપાર્ક આગળ મુકવામાં આવેલા વિમાનના પાછળના ભાગે ભરાઈનું કામ કરી રહ્યો હતો. દરમિયાન પિતા સુરેશના ખોળામાંથી બાળકી ટ્રેકટરમાંથી નીચે પટકાઈ ગઈ હતી. બે વર્ષની પ્રિયંકાના માથા ઉપરથી પિતા દ્વારા જ ટ્રેકટરનુ ડાબી સાઈડનું વ્હિલ ફરી વળ્યુ હતું.ટ્રેક્ટરનું વ્હિલ ફરી વળતાં માથાનો ભાગ ચગદાઈ ગયો હતો. જેને લઈ માસૂમ બાળકીનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું.ત્યારે ઘટના અંગે સરથાણા પોલીસની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. મૃત બાળકીને સ્મીમેરના ખાતે પી એમ અર્થે મોકલી આપી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યુવા મોરચાના આગામી કાર્યક્રમો અંતર્ગત મહત્વની બેઠક પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડો. પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ સંગઠનમંત્રીશ્રી રત્નાકરજી અને પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઇ ચાવડા ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઇ

**બોર્ડની પરિક્ષા આપનાર વિદ્યાર્થીને સારા પરિણામ માટે શુભેચ્છા પાઠવા યુવા મોરચના કાર્યકરો પરિક્ષા કેન્દ્ર પર ઉપસ્થિત રહે તેવો કાર્યક્રમ પણ યોજાશે. – શ્રી ડો.પ્રશાંત કોરાટ**

**૨૩ માર્ચથી ૩૧ માર્ચ સુધી શહિદ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. વિર શહિદના ઘરે જઇ યુવા મોરચાના કાર્યકરો તેમને શ્રદ્ધાંજંલી આપે અને પરિવારજનોને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાશે. – શ્રી ડો.પ્રશાંત કોરાટ**





ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યુવા મોરચાના આગામી કાર્યક્રમો અંતર્ગત મહત્વની બેઠક પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડો. પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ સંગઠનમંત્રીશ્રી રત્નાકરજી અને પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઇ ચાવડા ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઇ હતી.

આ બેઠકમાં જીલ્લા મહાનગરના પ્રમુખશ્રીઓ અને પ્રભારશ્રીઓ તેમજ યુવા મોરચાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં માર્ચ મહિનામાં યુવા મોરચા દ્વારા કરવામાં આવનાર કાર્યક્રમો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી અને પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીનું પ્રેરક માર્ગદર્શન મળ્યું હતું.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીએ યુવા મોરચાના પદાધિકારીશ્રીઓને સંબોધતા જણાવ્યું હતું કે, શક્તિકેન્દ્રનો પ્રવાસ કરી શક્તિકેન્દ્રમાં પદાધિકારીઓનો સંપર્ક કરી બુથ સશક્તિકરણ અભિયાનને વધુમાં વધુ ગતી મળે તે દિશામાં કામ કરવા હાંકલ કરી. યુવા મોરચાના કાર્યકરોએ પક્ષનો મજબૂત પાયો છે. યુવા કાર્યકરો જે રીતે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કામ કર્યુ છે તે બદલ કાર્યકરોને અભિનંદન. આવનાર લોકલભા ચૂંટણીમાં પણ આ જ રીતે કામ કરી વિરોધ પક્ષના ઉમેદવારોની ડિપોઝીચ જપ્ત થાય તે રીતે મહેનત કરવા અને બુથ લેવલ સુધી યુવા કાર્યકર કામ કરે જેથી બુથ મજબૂત થાય કામનો અનુભવ મળે જે લાંબા સમયે પક્ષને અને કાર્યકર એમ બંનેને ફાયદો મળે. યુવા કાર્યકરો રાજયના નવ યુવાનોને પક્ષમાં જોડવા વિવિધ કાર્યક્રમોમાં પણ જાય જેવી કે રમત ગમત તેમજ સ્પાર્ધાત્મ્ક રમત જેનાથી નોલેજ વધે તેમજ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે યુવા કાર્યકર જોડાય તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

બેઠક અંગે મીડિયા ને સંબોધતા પ્રદેશ યુવા મોરચના પ્રમુખશ્રી ડો. પ્રશાંત કોરાટે જણવ્યું કે, બુથ સશક્તિકરણ અંતર્ગત સમગ્ર પ્રદેશમાં અભિયાન ચાલી રહ્યુ છે. યુવ મોરચા દ્વારા આગામી સમયમાં દરેક શક્તિ કેન્દ્ર અને બુથમાં જઇને બુથ સમિતિમાં ડિજિટલાઈજેશન સાથે નવ યુવા કાર્યકરોને બુથમાં જવાબદારી આપવી તે માટે બેઠકમાં ચર્ચ વિચારણા કરવામાં આવી. આવનાર સમયમાં બુથ સશક્તિકરણ મજબૂત કરવા બેઠકમાં ચર્ચા કરવામાં આવી. આગમી ૧૪ માર્ચે બોર્ડની પરિક્ષા શરૂ થવાની છે ત્યારે બોર્ડની પરિક્ષા આપનાર વિદ્યાર્થીને સારા પરિણામ માટે શુભેચ્છા પાઠવા યુવા મોરચના કાર્યકરો પરિક્ષા કેન્દ્ર પર ઉપસ્થિત રહે તેવો કાર્યક્રમ પણ યોજાશે. ૨૩ માર્ચે શહિદ દિનની ઉજવણી કરવામાં આવશે ૨૩ માર્ચથી ૩૧ માર્ચ સુધી શહિદ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. વિર શહિદના ઘરે જઇ યુવા મોરચાના કાર્યકરો તેમને શ્રદ્ધાંજંલી આપે અને પરિવારજનોને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાશે. શહિદ સપ્તાહ અંતર્ગત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવનાર છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4